Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું. સંવત ૨૦૦૬.
આત્મ
સં. ૫૫
અંક ૧૧ મો. તા. ૧૪-૬-૫૦ જ્યેષ્ઠ

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશકઃ-
**શ્રી જૈન આત્માનંદ સભા,**
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીની સ્તુતિ ... ... (લે. વિનયવિજયજી મહારાજ) ૨૦૫
૨ અંતરિક્ષ પાર્શ્વનાથજી તીર્થ... ... ... (લે. જંબૂવિજયજી મહારાજ) ૨૦૭
૩ તત્ત્વબોધ ... ... ... (લે. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૨૧૬
૪ વિશ્વવાત્સલ્ય ... ... ... ... ... (લે. ચંદ્રપ્રભસાગર) ૨૧૯
૫ સભા-સમાચાર ... ... ... (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીઆ એમ. એ.) ૨૨૦
૬ સ્વીકાર-સમાલોચના ... ... ... ... ... ... (સભા) ૨૨૧
૭ શેઠશ્રી કાન્તિલાલ પ્રતાપશીનો સ્વર્ગવાસ ... ... ... ... (સભા) ૨૨૩


**આ માસમાં થયેલ માનવંતા પેટ્રન સાહેબ અને લાઇફ મેમ્બરો.**

૧ શેઠ ખીમચંદ લલ્લુભાઇ — પેટ્રન સાહેબ

૨ સંઘવી પ્રાગજીભાઈ મેઘજીભાઇ લાઇફ મેમ્બર
૩ શ્રી ભ્રાતૃચંદ્રાભ્યુદય જૈન જ્ઞાનભંડાર ,,
હા. દામજી કેશવજી શાહ
૪ શ્રી કંબોઇ તીર્થ જૈન લાઇબ્રેરી ,,
હા. શેઠ લાલભાઇ લઠ્ઠા
૫ શ્રી ગોધાવી જૈન શ્વે૦ મૂર્તિ૦ લાઇબ્રેરી લાઇફ મેમ્બર
હા. શાહ જીવરાજ હરજીવનદાસ
૬ શાહ પદમશી મગનલાલ જૈન ,,
૭ રમણીકલાલ કેશવલાલ માથકીયા ,,
૮ શાહ વિનયચંદ કુવરજી જેઠાભાઈ ,,
૯ ફોટોગ્રાફર રતિલાલ પ્રભુદાસ બીજા વર્ગમાંથી

**આ માસિક સાથે જૈન સસ્તા સાહિત્ય બીજા** પુસ્તક **"શ્રી નમસ્કાર મહામંત્ર"** વિષેના ઇનામી નિબંધ સંબંધી છાપેલ નિવેદન વાંચવા લેખકોને નમ્ર સુચના છે.

## "શ્રી દ્વાદશાર નયચક્ર (ન્યાયનો ગ્રંથ)"

જે વિદ્વાન મુનિ પુંગવ (ન્યાય અને ઇતિહાસના નિષ્ણાત હોવા છતાં) સાક્ષર શિરોમણિ, સાહિત્ય રત્ન વિદ્દદ્વર્ય મુનિરાજશ્રી **પુણ્યવિજય મહારાજ** માટે અસાધારણ માન અને પૂજ્યભાવ ધરાવે છે, તેવા મુનિ રત્ન શ્રી **જમ્બૂવિજયજી મહારાજ** જેઓ હાલ દક્ષીણ હિંદના અનેક શહેરોમાં વિચરી જૈન સમાજ ઉપર અનેક ઉપકાર પોતાના ગુરૂવર્ય પૂજ્યશ્રી **ભૂવન**વિજયજી મહારાજ સાથે કરી રહ્યા છે તેઓ સાહેબે ઉપરોકત ગ્રંથનું આદિથી અંત સુધીનું પ્રેસ કાપી કરવાનું, સંશોધન તથા સંપાદન કાર્ય કરેલ છે. તેના અંગોની પૂર્તિનું થોડું કાર્ય બાકી રહેલ છે તે પૂર્ણ થતાં આ ગ્રંથ છાપવા માટે પરમ કૃપાળુ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજની આજ્ઞા પ્રમાણે પ્રેસમાં મુકાશે.

હજી તે ગ્રંથ છપાયો નથી માટે કોઇએ મંગાવવા તસ્દી લેવી નહિં.

**આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ કેમ થતી જાય છે ? નવા થનારા જૈન બંધુઓ અને બ્હેનોએ જાણવા જેવું અને સભાસદ થઇ ભેટનો સુંદર નવીન નવીન ગ્રંથોનો લાભ લેવા નમ્ર સૂચના.**

સં. ૨૦૦૨-૨૦૦૩-૨૦૦૪ એ ત્રણ સાલમાં ને વખતે અને આ વર્ષના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે


ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવા માનવંતા પેટ્રન સાહેબ—

A73



શ્રીયુત શેઠશ્રી ખીમચંદ લલ્લુભાઇ-ભાવનગર.

શ્રી મહોદય પ્રી. પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી ખીમચંદ લલ્લુભાઈનો જીવનપરિચય.

ભાવનગર એ જૈનોની વિશાળ વસ્તીવાળું શહેર છે. વીશાશ્રીમાલી જ્ઞાતિમાં શેઠ લલ્લુભાઇ ઓધવજી કે જેઓ ધર્મશ્રદ્ધાળુ હતા તેમને ત્યાં સં. ૧૯૫૫ની સાલમાં માતુશ્રી જડીબાઇની કુક્ષિમાં શ્રી ખીમચંદભાઈનો જન્મ થયો હતો. બાલ્યાવસ્થાથી જ માતાપિતા તરફથી ધર્મનાં ઉત્તમ સંસ્કાર મળ્યા હતા.

જેમ જેમ શ્રી ખીમચંદભાઇનું વય વધતું ગયું તેમ તેમ ધર્મનાં સંસ્કારો વધવા સાથે વ્યાપાર તરફ અભિરૂચિ જાગ્રત થવા માંડી. પોતાની પંદર વર્ષની લઘુવયે વ્યાપારમાં જોડાયા. તેઓ ઉદ્યમી અને ખંતીલા હોવાથી થોડા જ વર્ષોમાં નાગરવેલનાં પાનનો જથ્થાબંધ વેપાર શરૂ કર્યો.

જેમ જેમ વેપાર વધવા લાગ્યો તેમ તેમ લક્ષ્મીદેવીની તેમનાં પર સંપૂર્ણ કૃપા થઈ. કેટલાક ગૃહસ્થોને પાન જેવા વેપારમાં નાનપ લાગે છે, પરંતુ પાનનો વેપાર કરવાથી શ્રી ખીમચંદભાઈ કેટલા આગળ વધ્યા છે તે તેમનાં જીવન ઉપરથી આપણને માલૂમ પડે છે.

તેઓએ અનેક તીર્થોની યાત્રા કરી છે. શ્રી કેશરીયાજી, તારંગા, ઉનાદેલવાડા, કમ્બોઇ, સંખેશ્વરજી, વલભીપુર, પાલીતાણા, તળાજા, કદંબગિરિ, ઘોઘા વગેરે સ્થળોએ તીર્થયાત્રાનો લાભ લેવા સાથે મળેલ સુકૃતની લક્ષ્મીનો સદ્‌વ્યય પણ કર્યો છે.

સંવત ૨૦૦૪ ની સાલમાં પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાબરમતીથી વઢવાણ અને મહુવા સુધીનાં વિહારમાં તેઓશ્રીએ ગુરુભક્તિ અને સ્વામીભક્તિનો અપૂર્વ લાભ મેળવ્યો છે અને સારી રીતે ખર્ચ પણ કરેલ છે.

તાજેતરમાં શ્રી કદંબગિરિ તીર્થ પર પ્રતિષ્ઠામાં શ્રી પ્રભુજીની બે પ્રતિમાજી પધરાવી શ્રી જિનેશ્વર દેવની અપૂર્વ ભક્તિ કરી છે અને તે નિમિત્તે મહોત્સવમાં વિવિધ ભક્તિ કરવામાં લગભગ રૂપીયા બારથી તેર હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે.

શ્રી ખીમચંદભાઇ પોતાનાં કુટુંબી જનોને ગુપ્ત મદદ કરે છે તેમજ ધર્મનાં ભેદભાવ વગર ઘણાં વિદ્યાર્થીઓને પુસ્તકો, ફી વગેરે આપે છે.

સભાની પ્રગતિશીલ પ્રવૃત્તિ, કાર્યવાહી, વહીવટ, વ્યવસ્થા અને ઉચ્ચ કક્ષાના સાહિત્ય પ્રકાશનો જોઇ અમારી વિનંતિને માન આપી આ સભાનું ગૌરવવન્તુ પેટ્રનપદ સ્વીકાર્યું છે તે માટે સભા તેમને ધન્યવાદ આપવા સાથે તેઓની વિશેષ ઉન્નતિ થાય, ધર્મનાં કાર્યોમાં ઉપાર્જન કરેલ લક્ષ્મીનો વિશેષ વ્યય કરે તેમજ તેઓ દીર્ઘાયુ થઈ અનેક ધર્મનાં કાર્યો કરે તેમ પરમાત્માને અમારી પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીઆત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૬. જ્યેષ્ઠ પુસ્તક ૪૭ મું.

વિક્રમ સં. ૨૦૦૬. :: તા. ૧૪ મી જુન ૧૯૫૦ :: અંક ૧૧ મો.

ॐ अर्हम् नमः

## પંજાબ દેશોદ્ધારક ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીની સ્તુતિ.

પ્રયોજક અને મુક્ત કંઠે ગાનાર

**સાહિત્યપ્રેમી શ્રી વિનયવિજયજી મહારાજ.**

શાર્દૂલવિક્રીડિત છંદ

આત્મારામ સૂરીશ ગુણ સ્તવવા સામર્થ્ય છે લેશ ના,
તો યે એજ સૂરીશ ભક્તિ કૃપયા ગાઉં જરા છંદમાં;
મારું સાચું નહિ જ "સત્યમ્ મમ છે," એ ધ્યેયમાં ડોલતા,
કીધો સત્ય સ્વીકાર "પાર અબ તો" સાધુ ભયે બોલતા. (૧)

મંદાક્રાન્તા છંદ

આત્મારામે જગતભરમાં, ધર્મ–ડંકો વગાડ્યો,
જેના નાદે વર અમરિકા, પ્રેમ ધર્મ જગાડ્યો;
તત્ત્વો વાવ્યાં વીર વચનનાં, દેવી "રૂપા" તનુજે,
દિવ્યાકાશે રવિ ભ્રમણતા, આ રવિ દર્શનાર્થે. (૨)

દોહરા

મૃત્યુલોક ભૂગોળમાં, ગોળા પશ્ચિમ પૂર્વ;
પૂર્વ કીર્તિડંકાવડે, પશ્ચિમ લાભ અપૂર્વ. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નારી પૂછે નાથને, ગગન નિશાકર માંહ્ય;
છિદ્ર સદા દેખાય છે, કારણ કોણ કલ્પાય ? (૪)

શ્રાવક કહે સુણુ શ્રાવિકા, આત્મારામ સુયશ;
ભેદીને એ ચંદ્રને, પ્રસર્યો સ્વર્ગ દિગંત. (૫)

પાતાલે પણ તાલથી, નાગ કરે ગુણગાન;
સાક્ષી સાગર પૂરતો, નિરખી ચંદ્ર નિશાન. (૬)

હરિગીત છંદ

ત્રણ લોકમાં ગુરુદેવના, ગુણગાન સ્હેજે થઇ રહ્યા,
પાવન થયા તે સર્વ જે, ગુરુદેવના શરણે ગયા;
ગુરુદેવ ચરણો સેવતા, નિજ આત્મલક્ષ્મી લાભીએ,
ગુરુદેવકેરું નામ "આત્મારામ" દે આરામને. (૭)

પંજાબી ક્ષત્રિય વીર, એ શાસનધુરંધર શ્રી સૂરિ,
સત્ય તત્ત્વને પ્રતિબોધતા, પરમાર્થ જીવનમય સૂરિ;
તપમૂર્ત્તિ ત્યાગ વિરાગમય, શું શાન્ત રસ અવતાર એ,
તત્ત્વનિર્ણય બોધના, ગ્રંથો રચ્યા ઉપકાર એ. (૮)

ચારિત્રના ચૂડામણિ, સમ્રાટ્ શાસનના અહો,
પંજાબ પંચાનન પ્રભુ, કરુણાતણી મૂર્ત્તિ કહો;
ષટ્શાસ્ત્રવેત્તા, કુતીર્થીવાદી—ગજમદકેશરી,
વીર શાસન નભદિવાકર, વંદના હો ભૂરી ભૂરી. (૯)

પૂજ્ય સાધુવર્ગની, આજ સંખ્યા દેખીએ,
ઉપકાર એ ગુરુદેવનો, ત્યાં તત્ત્વદીક્ષા પેખીએ;
જ્યાં જ્યાં ગુરુજી વિચર્યા, ઉપદેશ કીધો ત્યાગનો,
મહાવીરકેરા શાસને, શો વાયદો વૈરાગનો ? (૧૦)

શાસનોન્નતિ અતિ કરી, સૂરિ બાળબ્રહ્મચારી હતા,
ઉપસર્ગ પરિસહ સહન-વહતે, અડગ મૂર્ત્તિ એ હતા;
અગણિત ગુણ ગુરુદેવના, સંક્ષિપ્ત ગુણ પ્રબંધમાં,
શાસનપ્રભાવક શ્રી સૂરિજી, વલ્લભ વિનય વંદના (૧૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ नमः श्रीअन्तरिक्षपार्श्वनाथाय ॥

# श्री अंतरिक्षपार्श्वनाथजी तीर्थ.

( ગતાંક પૃષ્ઠ ૧૯૩ થી ચાલુ )

**શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ** ભગવાનના સંબંધમાં **પદ્માવતી**દેવીએ **ભાવવિજયજી**-ગણીને સર્વ વર્ણન કરીને મહિમા કહી સંભળાવ્યો, અને **ભાવવિજયજી**ગણી **પાટણ**થી સંઘ લઈ અંતરિક્ષજી પધાર્યા ત્યાંસુધીનો બધો વૃત્તાંત આપણે જોઇ ગયા. હવે પછી શું બન્યું, તે આપણે **ભાવવિજયજી** મહારાજના શબ્દોમાં જ જોઈએ—

"સંઘમાં આવેલા બધા યાત્રાળુઓને **શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ** પ્રભુજીનાં દર્શન થયાં, પરંતુ મંદભાગીઓમાં શિરોમણિ એવા મને ( આંખો ચાલી ગઈ હોવાથી ) ભગવાનનું દર્શન ન થયું. આથી ખિન્ન થયેલા મેં અન્ન-પાનનો ત્યાગ કરીને પ્રભુજીના દર્શનની ઉત્સુકતાથી વિવિધ પ્રકારની સ્તુતિથી શ્રી **અંતારક્ષપાર્શ્વનાથ** ભગવાનની ( નીચે મુજબ ) સ્તુતિ કરવા માંડી—

'હે જિનેન્દ્ર ભગવાન ! અપકારીઓ ઉપર પણ ઉપકાર કરનાર, કલિયુગમાં જાગતા દેવ તથા વાંછિત ફળને આપનાર એવા આપને નમસ્કાર હો. હે નાથ ! આપે સ્વાર્થ વિના પણ નાગને ( અગ્નિમાં બળતો ઉગારીને ) નાગરાજ ( ધરણેંદ્ર ) કર્યો છે. અને અતિનિષ્ઠુર તથા વૈર ધરાવનાર **કમઠને** પણ સમકિત આપ્યું છે. કરુણારસના ભંડાર હે સ્વામી ! આપની ચિરકાલ સુધી સેવા કરનાર **આષાઢભૂતિક**[1] શ્રાવકને આપે મોક્ષ આપ્યો છે. ભક્તિથી આલિંગન કરતા હાથીને તમે સ્વર્ગમાં પહોંચાડ્યો છે, અને તેથી '**કલિકુંડ**'[2]

---

૧ આ **આષાઢભૂતિ** શ્રાવક તે છે કે જેમણે ગઇ ચોવીશીમાં નવમા તીર્થંકર શ્રી **દામોદર** ભગવાનના વખતમાં 'તેમના મુખેથી પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં પોતાનો ઉદ્ધાર થશે' એમ જાણીને શ્રી **શંખેશ્વરપાર્શ્વનાથ** ભગવાનની પ્રતિમા ભરાવી હતી. પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં **અષાઢી** શ્રાવક મોક્ષમાં ગયા છે.

૨ **અંગદેશની ચંપાનગરીમાં** કરકંડુ રાજા રાજ્ય કરતો હતો. ચંપાનગરીની પાસે જ કાદંબરી અટવી હતી. તેમાં એક કલિનામે ડુંગર હતો તેની નીચે કુંડ નામે સરોવર હતું. શ્રી પાર્શ્વનાથ ભગવાન વિચરતા વિચરતા કુંડ સરોવરની પાસે કાઉસગ્ગ મુદ્રાથી ઊભા હતા. તે વખતે એક હાથી ત્યાં આવી ચડ્યો. ભગવંતને જોઇને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું કે–'પૂર્વભવમાં તે એક વામન ( ઠીંગણો ) બ્રાહ્મણ હતો. લોકો તેના વામનપણાની ઘણી મશ્કરી કરતા હતા તેથી કંટાળીને તે આપઘાત કરવાની તૈયારી કરતો હતો ત્યારે એક શ્રાવકે આવીને તેને અટકાવ્યો અને ધર્મ પમાડ્યો. ત્યાંથી મરતી વખતે મોટા શરીરની પ્રાપ્તિનું નિયાણું કરીને મરવાથી તે મરીને હાથી થયો.' આ જાતિ-સ્મરણજ્ઞાનથી પૂર્વજન્મ જાણીને હાથીએ તલાવમાંથી કમલો લાવીને ભગવાનની ખૂબ પૂજા કરી, પાણીથી સિંચન કર્યું અને સુંઢથી ભેટી પડ્યો. પછી તરત જ અનશન કરીને હાથી મહર્દ્ધિક વ્યંતરરૂપે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામે તમે જગતમાં પ્રસિદ્ધ થયા છો. **નવાંગીવૃત્તિકાર** શ્રી **અભયદેવસૂરિજી**ના કોઢ રોગ હરીને[3] તમે તેમનું સુવર્ણ જેવી કાંતિવાળું શરીર કર્યું છે. **પાલનપુર**નગરના રાજા પરમારવંશીય **પાલણે** આપના ચરણકમલની સેવાથી ગયેલું રાજ્ય પાછું મેળવ્યું[4] હતું. **ઉદ્દેશી** શેઠને ઘેર આપે ઘીની વૃદ્ધિ કરી તેથી હે નાથ! આપ [5] '**ઘૃતકલો**(લ્લો)લ'

---

ઉત્પન્ન થયો. સવારમાં કરકંડુ રાજાને ખબર પડી અને તે ત્યાં આવ્યો પણ ભગવાન ત્યાંથી વિહાર કરી ગયા હતા. રાજાને ઘણો શોક થયો. ધરણેંદ્રના પ્રભાવથી ત્યાં નવ હાથની પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ પ્રગટ થઈ. રાજાએ મંદિર બંધાવીને તે પ્રતિમાની તેમાં સ્થાપના કરી. ( બીજા મતે રાજાએ જ મૂર્તિ ભરાવીને મંદિર બંધાવીને તેમાં સ્થાપના કરી. ) હાથી મરીને મહર્દ્ધિક વ્યંતરરૂપે ઉત્પન્ન થયેલા દેવે એ પ્રતિમાનો મહિમા ખૂબ વિસ્તાર્યો. ત્યારથી કલિકુંડ તીર્થ પ્રગટ થયું. ( જુઓ, ઉપદેશસપ્તતિ. આત્માનંદ સભા ( ભાવનગર ) પ્રકાશિત ).

૩ ઠાણુંગ, સમવાયાંગ, ભગવતીસૂત્ર, જ્ઞાતધર્મકથા, ઉપાસકદશાંગ, અન્તગડદશાંગ, અનુત્તરોપપાતિક દશાંગ, પ્રશ્નવ્યાકરણ અને વિપાકસૂત્ર આ નવ અંગોની ટીકા કરનાર આ. શ્રી **અભયદેવસૂરિમહારાજ** વિક્રમના બારમા સૈકામાં થઈ ગયા છે. તેમને કોઢનો રોગ લાગુ પડ્યો. રોગ અતિશય વધતો જતો હોવાથી આખરે તેમણે અનશન કરવાની ઈચ્છા કરી ત્યારે શાસનદેવીએ આવીને કહ્યું કે-' સેઢી નદીને કિનારે **સ્થંભનપુર**( ખંભાત )ની પાસે ખાખરાના ઝાડ નીચે **સ્થંભનપાર્શ્વનાથ** ભગવાનની પ્રતિમા છે તેનાં દર્શનથી તમારો કોઢ રોગ દૂર થઇ જશે. અને તમે નવ અંગોની ટીકા કરનારા થશો. ' આચાર્યશ્રી ત્યાં પધાર્યા અને **જયતિહુઅણ** સ્તોત્રની રચના કરી તેથી મૂર્તિ પ્રગટ થઇ. કોઢનો રોગ પણ નષ્ટ થયો અને તેમણે આચારાંગ વગેરે ઉપર જણાવેલાં નવ અંગો ઉપર ટીકા લખી. **સ્થંભનપાર્શ્વનાથ**નું તીર્થ આજે પણ પ્રસિદ્ધ છે અને તે **ખંભાત**માં છે.

૪ **આબુ**ના પરમારવંશી **પાલન**રાજાએ સોનાની **પલવીઆ પાર્શ્વનાથ**ની મૂર્તિ ગળાવી નાંખીને તેના સોનાથી પલંગના પાયા કરાવ્યા હતા. આ પાપથી તેને કોઢનો રોગ લાગુ પડ્યો હતો. અને તેનું રાજ્ય ગોત્રીઓએ ( ભાયાતોએ ) પડાવી લીધું હતું. રાજ્યથી ભ્રષ્ટ થયેલા તેને રખડતાં રખડતાં **શીલધવલ** આચાર્યનો મેળાપ થયો. આચાર્ય મ. ના ઉપદેશથી સોનાની પાર્શ્વનાથ ભગવાનની નવી પ્રતિમા ભરાવીને પ્રહલાદનપુર-**પાલનપુર** વસાવીને તેમાં સુંદર મંદિર બંધાવીને તે પ્રતિમા પધરાવી. પ્રતિમાના પ્રભાવથી કોઢ રોગ પણ ગયો અને ગયેલું રાજ્ય પણ રાજાને પાછું મળ્યું. મુસલમાનોના અત્યાચારોના વખતમાં ભયથી આ સોનાની મૂર્તિ ક્યાંક ભંડારીને તેને સ્થાને પાષાણની મૂર્તિ પધરાવવામાં આવેલી છે અને અત્યારે તે વિદ્યમાન છે.

૫ કચ્છ દેશના **સુથરી** ગામમાં આ તીર્થ આવેલું છે. આ ગામમાં વસતા **ઉદ્દેશી** નામના વણિકે સ્વપ્નમાં દેવના કહેવાથી ગામ બહાર મળેલા એક માણસને પોતાનું રોટલાનું પોટલું આપીને બદલામાં તેની પાસેથી પોટલું ખરીદી લીધું. ઘેર આવીને જોયું તો તેમાં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. શ્રાવક ગરીબ હતો તેથી આ ગામમાં વસતા યતિએ સંઘની મદદથી એક નાની દેહરી બંધાવી, અને તેમાં તે પ્રતિમાની પ્રતિષ્ઠા વખતે સંઘે સ્વામીવાત્સલ્ય કર્યું. તે વખતે ઘીના કુલ્લામાંથી ઘણું જ ઘી નીકળવા લાગ્યું. ખૂટે જ નહિ. લોકોને બહુ આશ્ચર્ય થયું. કુલ્લામાં હાથ નાંખીને તપાસ કરીને જોયું તો **ઉદ્દેશી**વાળી મૂર્તિ કુલ્લામાં જ આવીને બેસી ગઈ હતી. પછી પ્રતિમા કાઢીને મહોત્સવપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામથી જગતમાં પ્રસિદ્ધ થયા છો. ફલની વૃદ્ધિ કરવાથી આપ '**ફલવૃદ્ધિ**'[૬] નામથી પૃથ્વીતલ ઉપર પ્રસિદ્ધ થયા છો. હે નાથ! આપે **એલચપુર** નગરના રાજાનો દાહ તેમજ કીડાથી સહિત કુષ્ઠ (કોઢ) રોગને દૂર કરીને તેનું સુવર્ણ જેવું શરીર કર્યું છે કલિયુગમાં પણ અહીં આકાશમાં જ રહેવાની આપની ઇચ્છા હતી, પણ **મલધારી( શ્રી અભયદેવ-સૂરિજી )**ની સ્તુતિથી સંતુષ્ટ થઇને ચૈત્યમાં આવીને આપ રહ્યા છો. હે અનંતવર્ણ (વર્ણનીય ગુણોથી) યુક્ત નાથ! આપનું કેટલું વર્ણન કરું? હજાર જીભવાળો પણ પાર ન પામે તો હું શી રીતે પામું? હે નાથ! આવા આવા ચમત્કાર આપે જગતમાં બતાવ્યા છે, તો શું મારાં બે નેત્રો ખોલવાં આપને કઠિન છે? હે નાથ! હે તાત! હે સ્વામિન્! હે **વામા**કુલનંદન! હે **અશ્વસેન**વંશદીપક! પ્રત્યક્ષ દર્શન આપો. જો માતા-પિતા પુત્રને ઇષ્ટ વસ્તુ નહીં આપે તો બીજું કોણ આપવાનું છે? માટે હે તાત! મને નેત્ર આપો.'

આ પ્રમાણે ઉદ્‌ગાર કરતાં જ મારી આંખોનાં પડળ તૂટી ગયાં, અને લોકોના 'જય જય' નાદની સાથે મેં ત્રણ જગતના નાયક શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ** ભગવાનનાં દર્શન કર્યાં. જેમ મેઘ ચાલ્યા ગયા પછી સર્વે પ્રાણીઓ સૂર્યને સ્પષ્ટ જોઈ શકે છે તેમ ચક્ષુગોચર પદાર્થોને હું નજર સામે ફરીથી જોવા લાગ્યો. હે નાથ! આપ લોઢાને સુવર્ણ કરનારા સાચે જ **પારસમણિ** છો, તેથી આપના પિતાએ આપનું સાચું જ '**પારસનાથ**' નામ રાખ્યું છે. પછી પારણું કરીને મેં હર્ષથી વિકસિત નેત્રે મને દૃષ્ટિ (આંખો) આપનાર શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ** ભગવાનનાં ફરી ફરીને દર્શન કર્યાં.

પછી રાત્રે સ્વપ્નમાં આવીને મને દેવતાએ કહ્યું કે 'હે વત્સ! અહીં નાનું મંદિર હોવાથી તું મોટું (દીર્ઘ) મંદિર કરાવ.' પછી ઉઠીને સવારે શ્રાવકોને ઉપદેશ કરીને ધન એકત્ર કરાવીને મંદિર બંધાવવાની શરૂઆત કરાવી. અન્ય સંઘને રજા આપીને થોડા શ્રાવકો

---

દેરાસરમાં પધરાવી. ત્યારથી આ તીર્થ **ઘૃતકલ્લોલપાર્શ્વનાથ**ને નામે પ્રસિદ્ધ છે. **ઉદ્દેશી** શાહ પણ સુખી થઇ ગયો.

૬ મારવાડમાં મેડતાસિટી પાસે આવેલા ફલોધી ગામનો ખારસ નામનો એક ગરીબ શ્રાવક ગામ બહાર ગયો હતો. ત્યાં તેને માટીનાં ઢેફામાંથી પાર્શ્વનાથ ભગવાનની એક પ્રતિમા પ્રાપ્ત થઇ હતી. ઘેર લાવીને એક ઝુંપડીમાં તેણે એ મૂર્તિને રાખી. દેવે શ્રાવકને કહ્યું કે 'ભગવાનની પાસે તને રોજ સોનાના ચોખા મળશે. તે સોનાથી મંદિર બંધાવીને તેમાં ભગવાનની પ્રતિષ્ઠા કર. પણ આ સોનાના ચોખા મળવાની વાત કોઇને કહીશ નહીં.' સોનાના ચોખા મળવા લાગ્યા અને શ્રાવકે મંદિર બંધાવવા માંડયું. મંદિરનો એક ભાગ બંધાયો તેટલામાં પુત્રના આગ્રહથી શેઠે બધી વાત કહી દીધી તેથી સોનાના ચોખા મળવા બંધ થઇ ગયા. પછી સં. ૧૨૦૪ માં વાદી **દેવસૂરિ** મહારાજના હાથે પ્રતિષ્ઠા કરાવવામાં આવી. આ પ્રતિમાના અધિષ્ઠાયક પ્રભાવથી પુત્ર અને ઋદ્ધિ વગેરે ફલની વૃદ્ધિ થવાથી ફલવર્ધિ પાર્શ્વનાથ નામ પડ્યું છે. (જુઓ આત્માનંદ સભા પ્રકાશિત ઉપદેશસપ્તતિ. પૃ. ૩૭-૩૮)

ભિન્ન ભિન્ન સ્થળોના પાર્શ્વનાથ ભગવાનના વૃત્તાંતો જાણવા માટે જુઓ સારાભાઇ મણિલાલ નવાબે લખેલું **પુરિસાદાણી પાર્શ્વનાથજી** એ નામનું પુસ્તક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે હું ત્યાં રોકાયો અને એક વર્ષમાં નવું મંદિર પૂર્ણ તૈયાર કરાવ્યું. પછી તેમાં **વિક્રમ સંવત ૧૭૧૫** ના **ચૈત્ર** સુદ ૬ ને દિવસે રવિવારે તે નવા મંદિરમાં ઉત્સવપૂર્વક શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનને સ્થાપન કર્યા. ત્યાં પણ તે શ્રી અંતરિક્ષ ભગવાને ભૂમિનો સ્પર્શ ન કર્યો ત્યારે સ્તુતિ કરીને મુશ્કેલીથી ભૂમિથી એક આંગળ ઊંચે સ્થાપન કર્યા. ત્યાં આસન ઉપર ભગવાનની પૂર્વદિશાભિમુખ પ્રતિષ્ઠા કરીને બોધિબીજ સમ્યકત્વને ઉપાર્જન કરીને હું કૃતકૃત્ય થયો. ત્યાં જ મારા ગુરુશ્રીવિજયદેવસૂરિજીની પાદુકાની ગુરુ-ભકિતપરાયણ શ્રાવકો પાસે પ્રતિષ્ઠા કરાવી. પછી ત્યાં કેટલાક દિવસ રહીને દેવાધિદેવ **શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ** ભગવાનની ખૂબ ભાવપૂર્વક ભાવના ભાવીને ( દર્શન કરીને ) ભગવાન-નાં દર્શન કરવા માટે ફરીથી પાછા આવવાની ઉત્કંઠા સાથે હું ત્યાંથી નીકળ્યો. રસ્તામાં મેં લોકોના ઉપકારને માટે સર્વ ઠેકાણે શ્રીઅંતરિક્ષભગવાન( ના માહાત્મ્ય )ની સૂચના કરી.

આ પ્રમાણે જે કોઈ મનુષ્ય **શ્રીઅંતરિક્ષભગવાનનો** આશ્રય લેશે તેના મનોરથોને તે ભગવાન પૂર્ણ કરશે.

## ગ્રંથકારની પ્રશસ્તિ.

શ્રી **હીરસૂરિ** મહારાજે **અકબર** બાદશાહ પાસેથી સાત તીર્થના તામ્રપટ લખાવી લઇને યાવચ્ચંદ્રદિવાકર જય મેળવ્યો. તેમના શિષ્ય શ્રી વિજય**સેન**સૂરિ થયા કે જેમણે **જહાંગીર** બાદશાહને પ્રતિબોધીને પ્રતિપદા ( પડવો ), રવિવાર તથા ગુરુવારના દિવસોમાં જીવદયા પળાવી. તેમના શિષ્ય શ્રીવિજય**દેવ**સૂરિ થયા કે ભવિજનરૂપી કમળને વિકસિત કર-વામાં સૂર્યસમાન જેમણે યવન ( મુસલમાન ) વિગેરે ઘણી જ્ઞાતિઓમાં દયાધર્મ પ્રવર્તાવ્યો હતો. તેમના મોટા શિષ્ય આચાર્યશ્રીવિજય**પ્રભ**સૂરિજી થયા કે આચાર્યના ગુણોથી યુકત જેમણે તેમની ( શ્રીવિજય**દેવ**સૂરિજીની ) પાટ શોભાવી. તેમનો ( શ્રી વિજયદેવસૂરિનો ) જ નાનો શિષ્ય હું **ભાવવિજય**ગણી છું. શ્રી વિજય**પ્રભ**સૂરિજીના રાજ્યમાં મેં આ ગ્રંથની રચના કરી છે. વિક્રમ સંવત **૧૭૧૫** માં ભવ્યજીવોના ઉપકારને માટે **શ્રી અંતરિક્ષપાર્શ્વ-નાથ ભગવાન**ની કૃપારૂપી સ્વચરિત્રની મેં રચના કરી છે. ”

## इति श्रीभावविजयगणिविरचित–अन्तरिक्षपार्श्वनाथकृपात्मकस्वचरित्र सम्पूर्ण.

**શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ** ભગવાનના સંબંધમાં **ભાવવિજયજી** ગણીએ ઉપર જણાવ્યા મુજબ **પદ્માવતીદેવી**ના કથનરૂપે વર્ણવેલા ઇતિહાસની હવે આપણે વિચારણા કરીએ—

**પદ્માવતી** દેવીના કથનમાં પૂર્વનાં કરતાં અનેક અતિ મહત્ત્વની તેમજ વિશિષ્ટ વાતો છે કે જે બીજાં બાહ્ય પ્રમાણો સાથે પણ મળી રહે છે. **શ્રી જિનપ્રભસૂરિજી** તથા શ્રી **સોમધર્મ** ગણીજીએ **રાવણ**ના સેવક તરીકે **માલિ** અને **સુમાલિ**નો ઉલ્લેખ કર્યો છે. પરંતુ વસ્તુતઃ આ વાત મેળ ખાતી નથી, કેમકે **કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્ર**સૂરીશ્વર-પ્રણીત **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**ના ૭ મા પર્વના ૧ લા સર્ગમાં જણાવ્યા પ્રમાણે **સુમાલી રાવણ**ના પિતા **રત્નશ્રવા**નો પણ પિતા એટલે દાદો થતો હતો અને **માલિ**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનની પેઢી તરફથી શ્રી સંઘને દર્શનાર્થે

ભેટ.

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનને પધરાવવા માટે રાજાએ બંધાવેલું મૂળ જિનાલય.
( જેમાં ભગવાન પધાર્યા ન હતા. )



આ મંદિર બાંધવામાં ઇંટ, ચુના, માટીનો જરાપણ ઉપયોગ કર્યો નથી. પત્થરોને એક બીજા સાથે કળાપૂર્વક જોડી દેવામાં આવ્યા છે. ફોટામાં મંદિર ઉપર જે ઇંટવાળો ભાગ દેખાય છે તે ભાગ મંદિરનો મૂળ પત્થરવાળો ભાગ તૂટી જવાથી પાછળથી રીપેર કરવામાં આવેલો છે.

પ્રકાશકઃ-શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સુમાલિ**નો મોટો ભાઇ હતો. એટલે **રાવણ**નો દાદો **સુમાલી** અને તેનો મોટો ભાઇ **માલી** **રાવણ**નો સેવક હોય એ વાત બંધ બેસે જ શી રીતે ? વળી **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** વાંચતાં એમ પણ જણાય છે કે **રાવણ**ના જન્મ પહેલાંજ **માલીનું** મૃત્યુ થઇ ગયેલું હતું એટલે **માલી-સુમાલિ**ની વાત સંગત થતી નથી. જ્યારે **પદ્માવતી** દેવીએ **પાતાળલંકાના** સ્વામી અને રાવણના બનેવી તરીકે **ખરદૂષણ**નો કરેલો ઉલ્લેખ બરાબર મળી રહે છે. ( જો કે **ખર** અને **દૂષણ** પરસ્પર બે ભાઇઓ હતા છતાં બંને ભાઈઓની જોડી હોવાને લીધે એકને માટે પણ **ખરદૂષણ** નામ વાપર્યું હોવામાં વાંધો નથી. ) **ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર**ના ૭ મા પર્વના ૨ જા સર્ગમાં જણાવ્યા પ્રમાણે રાવણે **ખરને** પોતાની બહેન **શૂપર્ણખા** ( અપરનામ ચંદ્રણખા ) પરણાવી હતી અને તેને **પાતાળલંકા** નગરીનો રાજા બનાવ્યો હતો. ભૌગોલિક વર્ણનો જોતાં જણાય છે કે **પાતાળલંકા** **કિષ્કિન્ધા**નગરીની પાસે ( પ્રાયે ઉત્તરદિશામાં ) હાલના **મદ્રાસ**પ્રદેશમાં કોઇક સ્થળે હતી. રાવણની **લંકા** નગરીની જેમ **સિંહલદ્વીપ**માં **પાતાળલંકા** સમજવાની નથી. ( જુઓ ત્રિ. શ. પુ. પર્વ ૭. સર્ગ ૬. ).

**પદ્માવતી**ના કથનમાં **ખરદૂષણ** જે **વિંગોલિ** આવ્યાનો ઉલ્લેખ છે તે **ઈંગોલિ** ગામ નિઝામસ્ટેટમાં અત્યારે પણ વિદ્યમાન છે અને તે વર્તમાનમાં લગભગ વીશ હજાર મનુષ્યોની વસ્તીવાળું મોટું ગામ છે.

**એલચપુર**ના **એલચ** અપરનામ **શ્રીપાળ** નામના ચંદ્રવંશીય રાજાનો જે ઉલ્લેખ છે તે પણ મળી રહે છે. **એલચપુર** શહેર **ઉમરાવતી**થી વાયવ્યકોણમાં ૩૦ માઇલ દૂર, તેમજ **આકોલા**થી ઇશાનકોણમાં લગભગ ૫૦ માઈલે તથા અંતરિક્ષજી-**શિરપુર**થી લગભગ ૬૫ માઇલે આવેલું છે. અત્યારે પણ આ લગભગ ચાળીશ હજાર મનુષ્યની વસ્તીવાળું શહેર છે. ઇતિહાસ એમ કહે છે કે **એલિચપુર** અંગ્રેજોના હાથમાં આવ્યું લગભગ ત્યાંસુધી સેંકડો વર્ષ સુધી સમગ્ર **વરાડ** દેશના પાટનગર તરીકે હતું. છેલ્લા હજાર વર્ષનો **વરાડ**નો ઇતિહાસ **એલિચપુર**થી છૂટો પાડી શકાય તેમ નથી. એટલે અંતરિક્ષજી-શિરપુર વરાડ દેશનું જ ગામ હોવાને લીધે વરાડનો રાજા એલિચપુરથી નીકળીને શાંતિ મેળવવા માટે ત્યાં ગયો હોય એ સર્વથા બંધબેસતું છે. વળી આ દેશના જૈનેતર ઇતિહાસકારો પણ જૂનાં લખાણો આદિને આધારે જણાવે છે કે " ઇલિરાજા સં. ૧૧૧૫ માં એલિચપુરની ગાદી ઉપર આવ્યો હતો અને તે ચુસ્ત જૈનધર્મી હતો, તથા તેણે વરાડમાં જૈનધર્મના પ્રચાર માટે ઘણો પ્રયત્ન કર્યો હતો. " આ ઇલ અને આપણો એલચ એક જ જણાય છે. અહીંના દિગંબર જૈનો તો અંતરિક્ષજીના સ્થાપક રાજાનું ઇલ નામ જ જણાવે છે. આની સાથે પદ્માવતીદેવીએ સં. ૧૧૪૨ માં એલચ શ્રીપાળ રાજાએ અંતરિક્ષજીની પ્રતિષ્ઠા કર્યાની જે વાત જણાવી છે તે સરખાવતાં બરાબર મળી રહે છે, કેમકે સં. ૧૧૧૫ માં ગાદીએ આવેલ રાજા સં. ૧૧૪૨ માં પ્રતિષ્ઠા કરે એ વાત સર્વથા સંભવિત છે. **તવારીખી ઇ અમજદી**[૭]

૭ આ લેખકના સમયની મેં ઘણી તપાસ કરી, પણ કંઇ પત્તો ખાધો નથી, પણ જૂનો છે એ નક્કી. મેં આ હકીકત બુલઢાણાના **યાદવ માધવ કાળે**એ લખેલા **वराडचा इतिहास** ( વરાડનો ઇતિહાસ ) નામના અતિ વિસ્તૃત પુસ્તકમાંથી લીધી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામના એક જુના ફારસીભાષાના ગ્રંથના મુસ્લિમ લેખકે એવી કલ્પના કરી છે કે ' **इल** રાજાના નામ ઉપરથી **एलिचपुर** નામ પડ્યું છે.' **ईश** શબ્દનો રાજા અર્થ થાય છે. ( **इल+ईश** ) **इलेश** એટલે 'ઇલ રાજા'. અને **इलेशपुर** ઉપરથી કાળક્રમે ઘસાઇને **एलिचपुर** થયું હોય એમ સ્થાનિક લોકોની સંભાવના છે, પરંતુ સંશોધન કરીને હમણાં સ્થિર કર્યું છે કે '**એલિચપુર**નું મૂળનામ **અચલપુર** જ હતું. **અચલપુર**ના કાળક્રમે **अलचपुर** વગેરે અપભ્રંશો થઇને હમણાં **એલિચપુર** બોલાય છે. આ **અચલપુર**ની ગાદીએ **इलराजा** સં. ૧૧૧૫ માં આવ્યો હતો.' **વિદર્ભ** ( વરાડ )માં વસતા ક્ષત્રિયરાજાઓ **ભોજ**કુળના હતા અને તેથી ચંદ્રવંશીય જ હતા[૮] એમ પણ ઇતિહાસકારો જણાવે છે. એટલે સરવાળે **ભાવવિજય** ગણીએ જણાવેલી બધી વાતો મળી રહે છે.

**પદ્માવતી**દેવીએ **ભાવવિજયજી** ગણીને જે જણાવ્યું છે કે '**શ્રીપાળ**રાજા **અંતરિક્ષ-પાર્શ્વનાથભગવાન**ને ગાડામાં સ્થાપીને લઇને આવતાં વડના ઝાડ નીચે આવ્યો. ત્યાં પાછું વાળીને જોવાથી પ્રતિમા આકાશમાં અદ્ધર થઈ ગઇ. રાજાએ તે પ્રતિમા પધરાવવા સુંદર મંદિર બંધાવ્યું, પરંતુ 'આ પ્રતિમા સ્થાપવાથી આ જિનાલય સાથે મારું નામ પણ કાયમ થઇ જશે.' આ જાતનું રાજાને અભિમાન–કીર્તિલાલસા થવાથી તેમાં ભગવાનનાં પ્રતિમાજી પધાર્યાં નહીં' આ વાત પણ બરાબર મળી રહે છે. અંતરિક્ષજી–**શિરપુર** ગામની પાસે જ બહાર એક બગીચો છે કે જે આપણા જૈનમંદિરના જ તાબામાં છે.

તેમાં એક કલાપૂર્ણ અને વિશાળ સુંદર જિનમંદિર છે. અને તેની નજીકમાં જ એક વડનું ઊંચું ઝાડ છે. શિરપુરના લોકો કહે છે કે 'આ ઝાડ નીચે પ્રતિમાજી અદ્ધર રહી ગયાં હતાં અને આ મંદિર પ્રતિમાજી પધરાવવા માટે જ રાજાએ બાંધ્યું હતું, પણ રાજાના અભિમાનથી ભગવાન ન પધારવાને લીધે અત્યારે ખાલી છે.' આ વાત બીજી રીતે જોતાં પણ સારી મળી રહે છે. કેટલાક યુરોપિયન અધિકારીઓએ વરાડમાં બધે પ્રવાસ કરીને જાતે જઇને, વરાડનાં શિલ્પ સ્થાપત્યો વિષે લખ્યું છે, તેમજ વરાડના ઇતિહાસકારોએ પણ વરાડનાં શિલ્પકામો વિષે લખ્યું છે. તેમણે વરાડ દેશનાં સુંદરતમ અને પ્રાચીનતમ શિલ્પ-સ્થાપત્યોમાં શિરપુર ગામની બહાર બગીચામાં આવેલા ઉપર જણાવેલા આપણા જૈનમંદિરને પણ વર્ણવ્યું [૯]છે. સાથે સાથે તેમની શિલ્પશાસ્ત્રના ઐતિહાસિક અભ્યાસને આધારે એ

---

૮ **મહાભારત**માં જણાવ્યું છે કે **विदर्भ**માં ભોજકુળના રાજાઓ વસે છે અને તે બધા ચંદ્રવંશીય છે. મહાભારતમાં ચંદ્રવંશીઓ માટે **ऐल** શબ્દ સર્વત્ર વાપરેલો છે. ( **इला** માતાની પુત્ર–પરંપરા તે **ઐલ** એમ તેમનું માનવું છે, **इक्ष्वाकु**ના વંશજો તે **ऐक्ष्वाक** આ પ્રમાણે સૂર્યવંશી રાજાઓ માટે મહાભારતમાં **ऐक्ष्वाक** શબ્દ સર્વત્ર વાપરેલો છે. આ **ऐल** શબ્દ આપણા ચંદ્રવંશી રાજા શ્રીપાળના **इल** અથવા **एलच** નામના સાથે સરખાવી જોવા જેવો છે.

૯ **વરાડના** મહાન ઐતિહાસિક **યાદવ માધવ કાળે**એ **वराडचा इतिहास** નામના તેમના પુસ્તકમાં આ મંદિરનો આર્ટપેપર ઉપર સુંદર ફોટો છાપીને સાચે જ આના શિલ્પકામની સુંદરતા અને મહત્તા પ્રકાશિત કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ કલ્પના છે કે 'શિરપુરનું આ મંદિર લગભગ એક હજાર વર્ષ જૂનું હોવું જોઇએ.' પદ્માવતી દેવીના કથન પ્રમાણે સં. ૧૧૪૨ માં રાજાએ આ મંદિર બંધાવ્યું છે. તે જોતાં શિલ્પશાસ્ત્રીઓનું સ્વતંત્ર અનુમાન અને પદ્માવતી દેવીનું કથન બંને પરસ્પર મળી રહે છે. ઘણાખરા યાત્રાળુઓને આ બહારના મંદિરની ખબર જ હોતી નથી, તેથી અત્યારે જ્યાં **અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાન** બિરાજે છે ત્યાં જ દર્શન કરીને પાછા ફરે છે, પરંતુ પ્રત્યેક યાત્રાળુઓએ બહાર બગીચામાં આવેલા મંદિરને જોવા જવા જેવું છે.

**પદ્માવતી**દેવીએ જે જણાવ્યું છે કે-**ગુજરાત**દેશના **કર્ણ**રાજાએ જેમને '**મલધારી**' બિરુદ આપ્યું હતું અને દેવીની જેમને સહાય છે એવા સર્વશાસ્ત્રવિશારદ શ્રી **અભયદેવસૂરિ** કે જેઓ **ખંભાતથી** સંઘ લઇને **કુલપાકજીતીર્થના**[૧૦] **માણિક્યદેવની** યાત્રા કરવા માટે નીકળ્યા હતા અને **દેવગિરિ**(દોલતાબાદ)માં આવ્યા હતા તેમની પાસે મંત્રી મોકલીને વિનંતિ કરીને રાજાએ શિરપુરમાં તેમને પધરાવ્યા હતા. અને તેમના (મંત્રાદિ) પ્રભાવથી પ્રતિમાએ આકાશમાંથી ઉતરીને પોતાની મેળે ચાલીને સંઘે બંધાવેલા મંદિરમાં પ્રવેશ કર્યો હતો' આ વાત પણ સંગત થાય છે. **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ, અનુયોગદ્વારસૂત્રવૃત્તિ** આદિ ગ્રંથોના કર્તા, તથા **સિદ્ધરાજજયસિંહ**ની રાજસભામાં (અણહિલપુર પાટણ) પણ જે મહાવિદ્વાન તરીકે ગણાતા હતા તે સુપ્રસિદ્ધ આચાર્યપ્રવરશ્રી **મલધારી હેમચંદ્ર**સૂરીશ્વરજીનાં મલધારી શ્રી **અભયદેવ**સૂરિજી ગુરુ થતા હતા. મલધારી શ્રી **હેમચંદ્ર**સૂરિજીના ટીકા આદિ ગ્રંથોની જૈનપરંપરામાં એક સરખી પ્રશંસા થતી આવી છે. તેમણે એ ગ્રંથોની પ્રશસ્તિઓમાં તેમના ગુરુશ્રી **અભયદેવ**સૂરિજીનું જે વર્ણન કર્યું છે, તથા કેટલાક સમય પછી થયેલા મલધારી શ્રી **રાજશેખર**સૂરિજીએ (સં. ૧૩૮૭ માં) રચેલી પ્રાકૃત**દ્વયાશ્રયવૃત્તિમાં** તથા અન્ય ગ્રંથોમાં જે વર્ણન જોવામાં આવે છે તે જોતાં શ્રી **અભયદેવ**સૂરિજીની મહાન શાસનપ્રભાવકતાનો ખ્યાલ સહેજે આવી શકે તેમ છે. ગુજરાતના **કર્ણ**રાજાએ તેમનો તીવ્ર મલપરિષહ જોઇને '**મલધારી**' બિરુદ આપ્યાની વાત ઘણાયે પ્રાચીન ગ્રંથોમાં[૧૧] વર્ણવેલી છે. આ **કર્ણ**રાજા **સિદ્ધરાજ જયસિંહનો** પિતા થતો હતો. એટલે વિક્રમની બારમી સદીના લગભગ પૂર્વાર્ધની આ બધી વાત છે. એટલે સં. ૧૧૪૨ માં

---

આ મંદિર ઇંટ, ચુનો, માટી વગેરેનો ઉપયોગ કર્યા સિવાય જ બાંધવામાં આવ્યું છે, એ એક મોટી ખૂબી અને વિશિષ્ટતા છે. આ મંદિરની દ્વારશાખની ઉપર એક લેખ લખેલો છે, પણ કંઇક ઘસાયેલ હોવાથી તેમજ લિપિ ન ઉકલવાથી કંઇ સમજી શકાતું નથી. વાંચવા માટે ઘણાય સંશોધકોએ પ્રયત્ન કર્યા પણ હજુ સુધી સફળતા મળી નથી.

૧૦ આ તીર્થ **નિઝામસ્ટેટના નલગોંડા** જીલ્લામાં આવેલું છે. અને તેમાંની મૂર્તિ **ભરતચક્રવર્તીએ** ભરાવ્યાનું કહેવાય છે. વિશેષ માટે જુઓ **જિનપ્રભસૂરિના વિવિધતીર્થ**કલ્પમાં **માણિક્યસ્વામિકલ્પ** વગેરે.

૧૧ **श्रीगुर्जरेश्वरो दृष्ट्वा तीव्रं मलपरीषहम्। श्रीकर्णो बिरुदं यस्य मलधारी व्यघोषयत्॥**
(વિક્રમ સં. ૧૩૮૭ માં મલધારી રાજશેખરસૂરિરચિત પ્રાકૃતદ્વયાશ્રયવૃત્તિની પ્રશસ્તિ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મલધારી અભયદેવ**સૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવ્યાની વાત સમયની દૃષ્ટિએ જોતાં સંપૂર્ણ મેળ ખાય છે.

પદ્માવતીદેવીએ વિક્રમ સંવત ૧૧૪૨ ના મહાસુદ ૫ ના રવિવારને દિવસે અંતરિક્ષજીની અભયદેવસૂરિ મહારાજને હાથે પ્રતિષ્ઠા કર્યાનું જણાવ્યું છે. જો કોઇ ગણિતશાસ્ત્રી જ્યોતિષી ગણિત કરીને વિ. સં. ૧૧૪૨ ના મહાસુદ ૫ ને દિવસે કયો વાર હતો એ કાઢે અને જો પદ્માવતીદેવીના કથન પ્રમાણે બરાબર મળી રહે તો પદ્માવતી દેવીના કથનની સત્યતા ઉપર કળશ જ ચડયો ગણાશે.

'અભયદેવસૂરિ મહારાજે ભગવાનના ડાબે હાથે અધિષ્ઠાયક શાસનદેવતાની સ્થાપના કર્યાની' જે વાત પદ્માવતી દેવીએ જણાવી છે તે પણ સંગત થાય છે. અત્યારે જ્યાં શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાન બિરાજે છે તે જ મંદિરમાં એક બીજું પણ નાનું ભોંયરું છે. તેમાં એક ઓટલા જેવી ઊંચી બેઠક છે તેના ઉપર ભગવાન પહેલાં વિરાજમાન હતા એમ માનવામાં આવે. આ બેઠકની બરાબર ડાબા હાથે જ અધિષ્ઠાયક દેવની સ્થાપના છે કે જે **માણિભદ્ર** નામથી ઓળખાય છે. આના ઉપર અત્યારે સિંદૂર ચડેલું છે. એટલે મૂલસ્થાને ભગવાન વિરાજમાન હતા ત્યારે ડાબા હાથે જ અધિષ્ઠાયક દેવની સ્થાપના હતી તે વખતે ભગવાન પશ્ચિમાભિમુખ હશે. આ બેઠક ઉપર પણ **માણિભદ્ર** નામે ઓળખાતા અધિષ્ઠાયક દેવની બીજી સ્થાપના છે કે જે ભગવાનને ત્યાંથી ફેરવ્યા પછી કરવામાં આવી હશે. અત્યારે નવા સ્થાને ભગવાન પૂર્વાભિમુખ છે.

મૂલ મંદિર નાનું હોવાથી દેવની સૂચનાથી ભાવવિજયજીએ ઉપદેશ કરી શ્રાવકો પાસે નવું મંદિર બંધાવ્યાની વાત પણ બરાબર છે, કારણ કે જયાં પહેલાં પ્રતિમા વિરાજમાન હતી અને જેનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ભોંયરું (માણિભદ્રજીવાળું) એટલું બધું નાનું છે કે મુશ્કેલીથી તેમાં દશ માણસો ઊભા રહી શકે. આ બંને નાનાં મોટાં મંદિર વસ્તુતઃ એક જ મંદિરનાં બે ભોંયરાં છે અને એક ભોંયરામાંથી બીજા ભોંયરામાં જઈ શકાય છે.

ભાવવિજયજીગણીએ નવા મંદિરમાં ભગવાનની પ્રતિષ્ઠા કરી ત્યારે ભગવાન એક આંગળ અદ્ધર જ રહ્યા આ વાત પણ બરાબર છે. અત્યારે ભગવાન એક આંગળ જેટલા બરાબર અદ્ધર છે જ.[૧૨]

---

**૧૨ અંતરિક્ષપાર્શ્વનાથજીતીર્થના** ૧૪-૫-૫૦ ના આત્માનંદ પ્રકાશના લેખમાં પૃ. ૧૬૮ ના ટિપ્પણમાં મેં એવી મતલબનું જણાવ્યું હતું કે-" પ્રતિમાજી હમણાં જમણાં ઢીંચણના અગ્રભાગની નીચે તેમ જ પીઠની ડાબી બાજુના છેડા નીચે એમ બે સ્થળે જરાક બિંદુ જેટલા અડી ગયેલાં દેખાય છે અને તે છૂટા હાથે નાણું ફેંકતાં કોઇ નાણું ભરાઇ જવાથી યા ગમે તે કારણથી કેટલાક સમયથી બન્યું છે."

પરંતુ દિગંબર-શ્વેતાંબરોના તીર્થની માલિકી સંબંધના ઝગડામાં સરકારે ખાસ સ્પેશિયલ અધિકારીઓ તપાસ કરવા માટે મોકલ્યા હતા તેમણે જે રિપોર્ટ કર્યો છે તે Record of Proceedings in the Privy Councilમાં બધા છપાયા છે. જ્યારે મેં એ બધું વાંચ્યું હતું ત્યારે તેમાં ત્રણ બાજુએ મૂર્તિ સર્વથા અદ્ધર હોવાનું અને એક બાજુ જમણા ઢીંચણના અગ્રભાગની નીચે જ જરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવવિજયજીગણિએ** પૂર્વાભિમુખ ભગવાનની સ્થાપના કરી એ પણ બરાબર જ છે. અત્યારે પૂર્વાભિમુખ જ વિરાજે છે ભાવવિજયજીગણિએ તેમના ગુરુ વિજયદેવસૂરિના જે પગલાંની સ્થાપના કરી હતી તે પગલાં **મણિભદ્ર**જીવાળા ભોંયરામાં અત્યારે પણ વિદ્યમાન છે જ.

**શ્રી** ભાવવિજયજી ગણિને જેમની ઉપાસના-સ્તુતિ-ભકિત કરતાં ચાલી ગયેલી આંખો પણ પ્રાપ્ત થઇ તે શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનનો અપૂર્વ અને અદ્ભુત મહિમા આજે પણ એટલો જ તેજસ્વી અને જાગતો છે.**

આ રીતે અનેકાનેક વાતો મળી રહેતી હોવાથી શ્રી ભાવવિજયજીગણીએ રચેલું સ્તોત્ર શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનના ઇતિહાસમાં અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. —(અપૂર્ણ)

---

જેટલી અડી ગયેલી હોવાનું વાંચીને હું ઘણા જ વિચારમાં પડી ગયો હતો. આથી મેં વિશેષ તપાસ શરૂ કરી હતી. અત્યારે આ સંબંધમાં મને સંપૂર્ણ માહિતી મળી ગઇ છે કે સં. ૧૯૨૪ માં જ્યારે લેપ કરાવવામાં આવ્યો હતો ત્યારે કારીગરના અજાણતાં કણિયા જેટલો લેપનો ભાગ પ્રતિમાજીની પીઠના ડાબી બાજુના છેડા નીચે ચાલ્યો ગયો હતો અને કાઢવા માટે પ્રયત્ન કર્યો પણ એ કણિયો નીકળ્યો નહીં. ઘણા જોરથી પ્રયત્ન કરીને કણિયો કાઢવા જતાં પ્રતિમાજીને નુકશાન થઈ બેસવાના ભયથી જોરદાર પ્રયત્ન કરવામાં આવ્યો નહીં ત્યારથી આ મૂર્તિ પાછળ જરા અડી ગયેલી દેખાય છે. જ્યારે સરકારે તપાસ કરવા માટે મોકલેલા અધિકારીઓના રિપોર્ટો સં. ૧૯૨૪ પહેલાંના છે એટલે આ વાત બરાબર મળી રહી..

અંતરિક્ષજીના ( શિરપુરના ) નિવાસી વૃદ્ધ માણસો કહે છે કે લગભગ ૭૫ વર્ષ પહેલાં મૂર્તિ એક જગ્યાએ પણ જરાય અડતી જ ન હતી. પાછળથી જ જમણા ઢીંચણના અગ્રભાગ નીચે કંઇક ભરાઇ જવાથી અડી ગઇ છે. અસ્તુ. જે ભાગ અડી ગયો છે તે એટલો બધો સૂક્ષ્મ છે કે તેટલા માત્રને આધારે મૂર્તિ ટકી શકે એ સર્વથા અશક્ય છે. મૂર્તિ તેના દૈવી પ્રભાવથી જ અદ્ધર રહી છે એમાં લેશ માત્ર પણ શંકનીય નથી જ નથી.

જગમાં વેરી કોઇ નથી, જો મન શીતળ હોય; આપ ટાળી અળગો રહે, તેને નમે સૌ કોય.
કુવચને દુઃખ ઊપજે, મારી કાળને મીચ; નમી ચાલે સો સંતરે, લડી મરે સો નીચ.
કઠણ વચન સાધુ સહે, એને કયમ વ્યાપે કાળ ? વીજળી પડે સાગરમધ્યે, તેમાં કેમ ઊઠે ઝાળ ?
નદી કિનારે તૃણ વસે, દોધારાની બીચ; વાંકા દુરીજિન કોઇ નહિ, રાખે નમતા શું પ્રીત.
લડતાથી ટળતા રહે, જડ સરખા જેમ હોય; કહે કબીર ધરમદાસને, તેને ગાંજી ન શકે કોય.

"**અખંડ આનંદ**" માંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ

લેખકઃ—આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૧૯૫ થી ચાલુ. )

૨૭

આત્મા અનાદિ કાળથી પૌદ્ગલિક સુખથી પોતાને સુખી માનવાનો અભ્યાસી થઇ ગયો છે. એટલે હમેશાં અનુકૂળ પુદ્ગલોના સંયોગોની ઇચ્છા રાખ્યા કરે છે. આત્માને પ્રતિકૂળ પુદ્ગલોનો સંયોગ ગમતો નથી, પણ પ્રતિકૂળ પુદ્ગલોના સંયોગ વગર પાપકર્મની નિર્જરા થઇ શકતી નથી. જે કાળે જેવું ઉદયમાં આવે તેને આવકાર આપવો જ જોઇએ. શાંતિ અને ક્ષમાને સારી રીતે જાળવવાં. સંસારમાં અજ્ઞાની જીવોએ માનેલા પ્રતિકૂળ પ્રસંગો અને સંયોગોમાં સમભાવનો આશ્રય લેવો, સંસારમાં દરેક આત્માનો સ્વામી પોતે જ છે, અર્થાત્ પોતાના આત્મા ઉપર સ્વામિત્વ પોતાનું જ હોય છે, બીજા આત્માનું હોતું નથી; માટે આપણા આત્માને આપણે પોતે જ સમજાવવો-બોધ આપવો, મુંઝાવા દેવો નહિ, વિષમભાવ થવા દેવો નહિ. કેટલેક અંશે એક સરખા કર્મના ઉદયવાળા આત્માઓ એક બીજાની સાથે સ્નેહ સંબંધથી અથવા તો શત્રુના સંબંધથી જોડાય છે અને લાભ અથવા તો નુકશાન મેળવે છે. સ્નેહ સંબંધ કરતાં શત્રુ સંબંધ જીવને અત્યંત અનિષ્ટ કરવાવાળો હોય છે, માટે શત્રુ સંબંધ કોઇની પણ સાથે રાખવો નહિ. હમેશાં સર્વ જીવોનું શ્રેય ઇચ્છવું, કલ્યાણની કામના રાખવી; કારણ કે જગતના શ્રેયમાં આપણું શ્રેય સમાયેલું છે.

૨૮

ક્ષાયિક તથા ક્ષાયોપશમિક ભાવવાળાને સુયોગ તથા કુયોગ સરખા છે. બાકી ઔદયિકભાવવાળાને સુયોગ-કુયોગની અસર થાય છે. જે યોગ એટલે સંબંધથી આત્મિક સારામાં સારો લાભ મળે, સમભાવ-શાંતિ મળે, કાંઈક આત્મિક ગુણોનો વિકાસ થાય એવો યોગ મળે તે સુયોગ કહેવાય. ભલે પછી બહારનો ગ્રહ-તીથી-વાર-નક્ષત્રનો ગમે તેવો કુયોગ કેમ ન હોય; કાંઇ પણ કરી શકતો નથી. બહારના યોગો ફક્ત દેહ માટે છે. પૌદ્ગલિક વસ્તુઓની અનુકૂળતા-પ્રતિકૂળતાને માટે છે. શાતાવેદની, યશ• કર્મ નામકર્મની માટે ખાસ કરીને સારો દિવસ જોવાય છે. અને તે એક વ્યવહાર પૂરતું જ ઠીક ગણાય. બાકી તો મોહનીયના અનેક પ્રકારના ઉદયને દબાવનાર સત્પુરુષોનો યોગ સાચી રીતે સુયોગ કહેવાય છે. તે સિવાયના કેવળ બહારના સુયોગ આત્મોન્નતિના સાધક બની શકતા નથી. ધાર્મિક કાર્યોમાં સુયોગ જોવાનો વ્યવહાર છે પણ તે એકાંતે શુભનો ઉદય લાવી શકે નહિ. મોહનો ક્ષય કે ઉપશમ અથવા તો ક્ષયોપશમ કરવાને સમર્થ નથી, માટે સમ્યગ્ જ્ઞાનદ્વારા સાચું સમજાવી ઉપશમ ભાવને પ્રગટ કરવામાં નિમિત્ત થાય એવા મહાપુરુષોના યોગની અત્યંત આવશ્યકતા છે; કારણ કે જ્યાં સુધી વસ્તુ તત્વને સાચી રીતે સમજીને ઉપશમ તથા ક્ષયોપશમ ભાવનાં સુખ-શાંતિ ન મળે ત્યાંસુધી શાતાવેદની, પૌદ્ગલિક સુખોની અનુકૂળતા તથા માન, પ્રતિષ્ઠા કે મોટાઇથી સાચી સુખ-શાંતિ મળી શકતી નથી; કારણ કે તે અતાત્ત્વિક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનાથી ગર્વ આવવાથી આત્માને ઘણી જ મૂંઝવણ રહ્યા કરે છે બીજાને તુચ્છ સમજવામાં માનસિક વિક્રિયા ઘણી જ મૂંઝવે છે. પોતાનાથી બીજાનું વધારે સન્માન જોઇને કે પૌદ્ગલિક સુખોની વધારે મળેલી અનુકૂળતા જોઇને અદેખાઇથી અંતર બળ્યા કરે છે. એટલે શાંતિ મળી શકતી નથી, પણ અશાંતિ જ રહે છે. એક વખત જે આપણું માન જાળવતું હોય તે જ આપણી ઉપેક્ષા કરે અથવા તો અપમાન કરે તો માનસિક દુઃખ પુષ્કળ થાય છે. એટલે આવી રીતે બહારના બધાય યોગો વિષય ભાવને મટાડી શકતા નથી. તે સારા હોય તો પણ આત્મિક લાભ માટે તો અકિંચિત્કર છે, માટે હમેશાં સમભાવ તથા આત્મિક ગુણના વિકાસમાં સહાયક તાત્વિક બોધના પોષક સત્પુરુષોના યોગથી જ આત્મશ્રેય છે.

૨૯

ભાવીને તો કોઇ ટાળી શકતું નથી, પણ એક વ્યવહાર પૂરતું મુહૂર્ત આદિ જોવું પડે છે. ગમે તેટલું સારું ઇચ્છીયે તો યે પ્રારબ્ધનું ધાર્યું થાય છે. આપણે તો શુભને માટે પ્રયત્ન જ કરવો રહ્યો. મુહૂર્ત તો આપણી શારીરિક સ્થિતિ સારી રહે અને માન સન્માન જળવાય એટલા પૂરતું જ જોઇએ છીએ. બાકી આધ્યાત્મિક સ્થિતિ સારી રહે અને ભાવ શત્રુઓ કનડે નહિ તથા આત્મિક લાભ સારો મળે તે તરફ લક્ષ્ય ભાગ્યે જ હોય છે. સંસારનો મોટો ભાગ દ્રવ્ય લાભ ઇચ્છે છે પણ ભાવ લાભ ઇચ્છતો નથી. ભાવ લાભ સિવાય દ્રવ્ય લાભ તો અનંતી વખત પ્રાપ્ત થયો છે, છતાં ભાવ લાભ વગર દરિદ્રતા ટળી નહિ, કારણ કે દ્રવ્યલાભમાં આત્માને કાંઇપણ મળતું નથી. પણ ભાવ લાભથી પોતાની સાચી વસ્તુ મળવાથી જીવવાની, સુખની, શાંતિની બધી દરિદ્રતા ટળી જાય છે. જેથી આત્માને સારો લાભ મળે છે અને આત્મા સંતોષ મેળવે છે. બાહ્યની ધન સંપત્તિ આદિથી આત્માને સંતોષ એટલા માટે થતો નથી કે તે વસ્તુ પોતાની નથી. અને મળ્યા પછી ચાલી જાય છે. એટલે આત્મા ખાલીનો ખાલી રહે છે તેથી આત્માને સંતોષ થતો નથી; જ્યારે પોતાની વસ્તુ મળે છે ત્યારે તે કાયમ રહેવાવાળી હોવાથી સંતોષ મેળવે છે. વૈષયિક વસ્તુઓથી સુખ–શાંતિ માનવામાં આવે છે તે મોહના દબાણથી હોય છે. માટે તેનાથી અંતરમાં સંતોષ મળતો નથી, માટે પોતાની સાચી વસ્તુ બને તેટલો પ્રયાસ કરીને મેળવાય તેટલી મેળવી લેવી અને તે મેળવવાને માટે સારો દિવસ જોવો અને બાહ્ય ઇચ્છાઓ છોડી દઇને કેવળ પોતાની વસ્તુઓ મેળવવાની ચાહના રાખવી.

૩૦

ભાવીના ગર્ભમાં શું છે તે તો સર્વજ્ઞ પ્રભુ જ જાણી શકે. માનવી માત્ર પૌદ્ગલિક સુખના લાભની પ્રવૃત્તિમાં સફળતા મેળવે એટલે તેમના મનના આનંદનો પાર નહિ અને નિષ્ફળતા મેળવે તો દિલગીરીનો પાર નહિ. ચોવીશે કલાકની પ્રવૃત્તિમાં બહિરાત્મદશાની જ જયાં છાયા હોય ત્યાં ત્યાગ અને ભોગ બન્ને સરખાં જ છે. આત્મભોગી તો સંસારમાં કોઇક વિરલા જ અદૃશ્યપણે રહેતા હશે. બાકી ત્યાગી કહેવાતા હોય કે ભોગી, પુદ્ગલભોગીપણું પુષ્કળ પ્રમાણમાં અનુભવાય છે. ચારિત્રમોહના ઉપશમ સિવાય અંતરાત્મદશામાં રહેવાય નહિ તેમ છતાં દર્શનમોહનો ઉપશમ હોય તોપણ અંતરાત્મદશા સન્મુખ થવાય ખરું અને બહિરાત્મદશાથી વિમુખ થવાય અને અનાસક્તિભાવે બાહ્ય પ્રવૃત્તિમાં સંતાપ નડી શકે નહિ. અંતરમાં શીતળતા રહે છે, માટે વસ્તુસ્વરૂપના તાત્વિક બોધની સહાયથી ઔદયિકભાવને નિર્બળ બનાવવા પ્રયાસ કરવાની જરૂરત છે. તેમ છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવશ્ય ભોક્તવ્ય હોય તો ઉદાસીનભાવે-સમભાવે ભોગવી લેવું પણ આસક્તિને અવકાશ આપવો નહિ. રાગદ્વેષની મંદતાનો આદર કરવો. એટલે આત્મિક નુકશાન વધુ પ્રમાણમાં થશે નહિ. ઉદયમાં આવેલાં નિર્જરી જશે.

૩૧

ભાવ શાતા માટે પુન્યકર્મના ઉદયની જરૂરત નથી. પણ મોહનીયના ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયની જરૂરત રહે છે. તે સિવાય તો આત્મ સ્વરૂપ-સુખશાંતિ મળી શકતી નથી. કર્મજન્ય શાતા પૌદ્દગલિક છે, કારણ કે તે કર્મસ્વરૂપ પુદ્દગલપરિણામ છે અને તેનો અનુભવ દેહમાં થાય છે ત્યારે ભાવશાતા અપૌદ્દગલિક છે અને તે મોહનીયના ક્ષય આદિથી પ્રગટે છે અને તેનો અનુભવ આત્મામાં જ થાય છે. દ્રવ્યશાતા પૌદ્દગલિક હોવાથી અશાતાથી સંકળાયલી છે અને તેથી કરીને શાતા પછી અશાતા આવે છે. અને તેને અશાતાનો ઉદય કહેવામાં આવે છે પણ ભાવશાતા માટે તેમ નથી. એટલે કે ભાવશાતા આત્મસ્વરૂપ હોવાથી અને ક્ષયોપશમાદિ ભાવવાળી હોવાથી ભાવ અશાતા જેવી કોઇ વસ્તુ જ નથી તેથી ભાવશાતા પછી ભાવ અશાતા હોતી નથી કારણ કે ભાવશાતા આત્માનો ગુણ છે માટે ઔપચારિક છે. આત્માના શાતારૂપ ગુણનો શાતાવેદનીય કર્મના ઉદયમાં ઉપચાર કરવામાં આવે છે, નહિ તો જડ સ્વરૂપ કર્મમાં શાતા જેવું કાંઇપણ હોતું નથી તે વિચાર કરવાથી સ્પષ્ટ જણાઇ આવે છે.

શાતા દ્રવ્ય નથી પણ ગુણ છે, માટે તે ગુણ આત્માનો છે પણ પુદ્દગલનો નથી અને તેથી કરીને જ શાતા આત્મસ્વરૂપ છે અથવા તો શાતાસ્વરૂપ આત્મા છે. અને મોહનીયના ક્ષયોપશમાદિ ભાવો સિવાય પ્રગટ થઇ શકતો નથી. શાતા વેદનીય કર્મના ઉદયથી મોહનીય કર્મના ઉદયવાળો જે આત્મા જે શાતા માને છે તે આત્મગુણસ્વરૂપ શાતાનો વેદનીયના ઔદયિકભાવમાં આરોપ-ઉપચાર કરે છે; માટે જ તે ઔપચારિક હોવાથી તાત્વિક નથી માટે વ્યવહારમાં જે શાતા કહેવામાં આવે છે તે અતાત્ત્વિક હોવાથી સંતોષ માનવા જેવું નથી. અને તાત્ત્વિક શાતા મેળવવા આળસ કરવી નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વવાત્સલ્ય

વિશ્વના સર્વશ્રેષ્ઠ શબ્દોમા વિશ્વવાત્સલ્યનું સ્થાન કોઈ અનોખું છે. એ ભવ્ય શબ્દના ગર્ભમાં પ્રભુતાની પ્રબળ જ્યોત પ્રકાશી રહી છે. પ્રભુતાનું વિરાટ સ્વરૂપ વિશ્વવાત્સલ્યના પ્રકાશથી વિકસેલું હૈયું, સુંદર અને સ્પષ્ટ રીતે અવલોકી શકે છે અને વિશ્વવાત્સલ્યના પ્રકાશ દ્વારા પ્રભુતાના ઉન્નત શિખર સુધી પહોંચવાની અખૂટ શક્તિ એ પવિત્ર હૈયાને સહજ રીતે પ્રાપ્ત થાય છે.

વિશ્વવાત્સલ્યના દિવ્ય પ્રકાશથી રક્ષિત બનેલા માનવીથી કામ, ક્રોધ, માન, માયા, લોભ અને મોહરૂપ અન્ધકાર તો સદા દૂર જ રહે છે, વિશ્વવાત્સલ્યનો આ કેવો અલૌકિક પ્રભાવ છે!

વિશ્વવાત્સલ્યની મોહક સૌરભ વિશ્વના સઘળા માનવોને પ્રાપ્ત થવી સુલભ નથી, એને મેળવવા અને કેળવવા માટે અનેક પ્રકારે આત્મભોગ આપવા પડે છે; સંસ્કાર-જન્ય વાસનાઓને સમૂળી ઉખેડવી પડે છે અને નૂતન નિમિત્તથી ઉદ્ભવતી કામનાઓને નિર્દય રીતે સળગાવવી પડે છે–આવી કઠોર સાધનાને અન્તે જ સાધકનું હૈયું વિશ્વવાત્સલ્યને આધિન બને છે! આ પુનિતપળ જ માનવને એક વિશુદ્ધ પારદર્શક દૃષ્ટિ સમર્પે છે–જે વિશુદ્ધ દૃષ્ટિદ્વારા એ માનવ, વિશ્વના સઘળા પદાર્થોને, તેના મૂળ સ્વરૂપે, સુગમ રીતે, નીરખે છે! જગતને ક્રૂર અને વિકટ જણાતા પદાર્થો એને મન સૌમ્ય ને સરલ ભાસે છે. ઘણી વાર તો જગતની વિચિત્ર વિસંવાદિતાને જોઇ, એનું કરૂણાપૂર્ણ નયનયુગલ માત્ર કૃપાનું કિરણ જ ફેંકે છે. એ કૃપાનું કિરણ એમ સૂચવે છે:—જગત જેનામાં વિસંવાદિતા અને એકાન્ત જુએ છે, તેનામાં જ સુસંગતતા અને અનેકાન્ત છે.

પણ, જગત એના આ ઊંડા મનોભાવને સંપૂર્ણ રીતે સમજી શકતું નથી એની આ અનેકાન્તની દિવ્ય દૃષ્ટિને પામી શકતું નથી; આથી જગત એને ભાવનાઘેલો ગણે–જગતનો અજાણ માને અને પોતાની શ્રેણિમાંથી એને બાકાત કરવાનો પ્રયત્ન કરે, છતાં એ મહામાનવ તો જગત પ્રત્યે એક મધુર સ્મિત કરી, પોતાની કરૂણાઝરતી આંખોમાંથી અમૃતધારા જ વિશ્વવાત્સલ્યપૂર્ણ ભવ્ય હૃદયમાં અહિંસાની ક્ષોભવિહોણી ભરતી આવે છે એ ભરતી હિંસાના તાપથી સંતપ્ત બનેલા વિશ્વને, પોતાના જીવનકાળ સુધી, શાન્તિની મધુર લહેર આપી, અન્તે અનન્તમાં વિરાજે છે!

જે યુગમાં આવા વિશ્વવાત્સલ્યભાવના-પૂર્ણ મહામાનવો ન અવતરે, વિશ્વવાત્સલ્યની અમૃતધારા વહેતી ન કરે, એની ભરતી ન આવે અને શાન્તિની મધુર લહેરો ન લહેરાય તે યુગ હિંસા અને અશાન્તિની મહાજવાળા ભણી ઘસડાઈ જાય છે!

હિંસા અને અશાન્તિની જ્વાળા ભણી જતા યુગને અટકાવનાર કોઇ હોય તો તે છે વિશ્વવાત્સલ્ય!

( મારા વિચારોની ટૂંકી નોંધ પોથીમાંથી. )

ચંદ્રપ્રભસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા–સમાચાર.

## શ્રી જૈન આત્માનંદ સભા ( ભાવનગર ) ના ચોપનમા વાર્ષિક મહોત્સવની ઊજવણી.

સં. ૨૦૦૬ નાં જેઠ શુદ્દી ૨ ને શુક્રવાર તા. ૧૯–૫–૫૦ નાં રોજ શ્રી તાલધ્વજગિરિ-તીર્થે સભાની વર્ષગાંઠ ઘણા જ સમારોહપૂર્વક ઉજવવામાં આવી હતી. સભાનાં પેટ્રન સાહેબો અને સભાસદોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. સર્વેએ શ્રી તાલધ્વજગિરિની પ્રથમ યાત્રા કરી હતી અને પછી શ્રી નવાણુપ્રકારી પૂજા ભણાવી પરમાત્માની અંગરચના, રોશની વગેરે કરી દેવ, ગુરુભક્તિ કરી બપોરે સ્વામિવાત્સલ્ય કર્યું હતું. સર્વ આત્મકલ્યાણનાં કાર્યો સભા તરફથી કરવામાં આવ્યા હતા.

આ સભાનું ધન્યભાગ્ય છે કે દરવર્ષે દેવ-ગુરુભક્તિ, તીર્થયાત્રા વગેરે એ તીર્થો ઉપર જઇ કરવામાં આવે છે. આ સભાના સભાસદો પણ પોતાનું સભાસદ તરીકે અહોભાગ્ય માને છે કે આ સભાના સભ્ય થવાથી તીર્થયાત્રા વગેરે માંગલિક પ્રસંગોનો ઉત્તમ લાભ દર વર્ષે મળે છે.

---

## પરમ ગુરુદેવ આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી ) મહારાજની સ્વર્ગવાસ જયન્તિ.

જેઠ શુદિ ૮ ને ગુરુવાર તા. ૨૫–૫–૧૯૫૦ નાં રોજ પૂજ્યપાદ, પરમ ગુરુદેવ આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી) મહા-રાજની સ્વર્ગારોહણ તિથિ હોવાથી સભાનાં મકાનમાં શેઠશ્રી ભોગીલાલભાઇ લેકચર હોલમાં પ્રભુજીની પ્રતિમા પધરાવી શ્રી પંચપરમેષ્ઠીની પૂજા સુંદર રાગ રાગિણીથી ભણાવવામાં આવી હતી. પાટણવાળા મશહૂર સંગીતકાર ભોજક પોપટલાલ હરિલાલે પોતાની મંડળી સહ પૂજા ભણાવવામાં ભાગ લીધો હતો અને ગુરુભક્તિ કરવામાં આવી હતી.

---

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય વિદ્યાર્થિની જૈન સ્કોલરશિપ.

મુંબઈ યુનિવર્સિટિની એન્ટ્રંસ અગર તો એસ. એસ. સી. પરીક્ષામાં સર્વથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબુલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને " શ્રીમતી લીલાવતી ભોળા-ભાઇ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ " આપવામાં આવશે. અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીઆ ટેંક રોડ, મુંબઈ નં. ૨૬ ની ઓફીસેથી મળશે. અરજી પત્રક ૫મી જુલાઇ ૧૯૫૦ સુધી સ્વીકારવામાં આવશે.

---

## ડીસા રાજપુર જયંતી.

પૂ. પા. આચાર્ય ભગવાન શ્રી વિજય-વલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાથી પં. શ્રી સમુદ્રવિજયજી, મુનિરાજ શ્રી વિશુદ્ધ-વિજયજી, વિશારદવિજયજી, ન્યાયવિજયજી અને હીમ્મતવિજયજી પાલણપુરથી વિહાર કરી ગઢમાં આચાર્ય શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજના વરદ હસ્તે થયેલ દીક્ષામહોત્સવમાં સંમિલિત થઇ અને શ્રી ભીલડીયા પાર્શ્વનાથજીની યાત્રાનો લાભ લઇ અહીં વીરવાડીયા મણિલાલ પુર-સોતમદાસના શ્રી સિદ્ધાચલજી આદિ ચાર મહાતીર્થોના પટ્ટાભિષેક નિમિત્તે થનાર અઠ્ઠાઇ મહોત્સવ શાંતિસ્નાત્ર ઉપર જેઠ સુદિ પાંચમે અત્ર પધાર્યા. એઓશ્રીજીની શુભ પ્રેરણાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંજાબ દેશોદ્ધારક નવયુગપ્રવર્તક ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જયંતી જેઠ સુદિ આઠમે ઉજવવામાં આવી.

શ્રી જયંતી નાયકની પ્રતિકૃતિને ઉચ્ચાસન પર બિરાજમાન કરવામાં આવી.

શેઠ ધુડાલાલ દોલતશીભાઇ આદિએ વાસક્ષેપથી પૂજા કરી લાભ લીધો.

પંન્યાસજી મહારાજે મંગળાચરણ કરી જયંતીનાયકના વિષયમાં સામાન્ય વિવેચન કર્યું.

મુનિરાજ શ્રી વિશુદ્ધવિજયજી, વિશારદવિજયજી, હીમ્મતવિજયજીના જયંતીનાયકના જીવન વિષયમાં ભજનો અને ભાષણો થયાં.

અધ્યક્ષ સ્થાનેથી પંન્યાસ સમુદ્રવિજયજીએ બોલતાં જણાવ્યું કે આપણ જયંતીનાયક શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર( આત્મારામ )જી મહારાજ ક્ષત્રીયકુળમાં જન્મ્યા. સ્થાનકવાસી સમાજમાં ભળ્યા અને દીક્ષિત થયા. ત્યાંથી સંવેગીપણામાં પધારી સૂરિ બની કેવી રીતે વિશ્વભરમાં જૈન ધર્મનો ડંકો વગાડયો આદિ વિવેચન કરી આજે જે વસ્તુની જરૂરત છે તે જ વસ્તુ આપણા જયંતીનાયક વર્ષો અગાઉ પોતાના ગ્રંથોમાં લખી ગયા છે.

આજે આપણા ઘણા જૈન બંધુઓ એવા છે કે એક એક કણ માટે તરસી રહ્યા છે ત્યાં આપણે શું કરી રહ્યા છીયે.

આપણી જૈન સમાજમાં આવા આપણા જૈન બંધુઓને ઊભા રહેવાનું છે કોઇ સ્થાન ? છે કોઇ એવી સભા કે મહાસભા ! આ કેવી શોચનીય બીના છે.

' જયંતીનાયકે ઉચ્ચારેલા શબ્દો મારી પછી પંજાબની સારસંભાળ **મારો પ્રિય વલ્લભ** લેશે.

આ શબ્દોને પોતાના હૃદયમાં અંકિત કરી એઓશ્રીજીના પ્રિય પટ્ટધર યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે પંજાબના માટે કેવાં કેવાં કષ્ટો ઝીલ્યાં, કેવી કેવી સંસ્થાઓ સ્થાપન કરી વગેરે જગ જાહેર છે.

એઓશ્રીજીની ૮૦ વર્ષની વૃદ્ધાવસ્થા હોવા છતાં પંજાબ માટે કેટલી ધગશ-લાગણી છે. મારે પાછું પંજાબ જવું છે, મારા પ્રાણ પંજાબમાં જ નીકળે આદિ.

ઉપસંહાર કરતાં જણાવ્યું કે-ડીસારાજપુરને માટે આ પહેલવહેલો જ પ્રસંગ છે, શ્રીસંઘ દરવર્ષ આવા પ્રભાવશાલી મહાપુરુષની જયંતી ઉજવે એવી આશા રાખી વિરમું છું.

પંચકલ્યાણક પૂજા બાદ પ્રભાવના થઇ બાર વાગ્યા સુધી જૈન ભાઇઓએ દુકાનો બંધ રાખી.

મહોત્સવ સુધી ( જેઠ સુદિ પુનમ સુધી. ) રોકાઇ પંન્યાસજી મહારાજ આદિ વિહાર કરી પંજાબકેશરી આ. ભગવાનની પુનીત સેવામાં ઉપસ્થિત થશે.

---

# સ્વીકાર–સમાલોચના.

( ૧ ) **ભગવાન મહાવીરની ધર્મકથાઓ ( નાયધમ્મકહા ):**—અનુવાદક અધ્યાપક બેચરદાસ દોસી. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ તરફથી દ્વિતીય આવૃત્તિ પ્રકાશન થયેલ છે. " શ્રી પૂંજાભાઇ જૈન ગ્રંથમાલા–૩ " આ પુસ્તકમાં ભગવાન મહાવીરની ૨૦ ધર્મકથાઓ આવેલી છે. ભવ અટવીમાં ભૂલા પડેલા જીવોને માર્ગદર્શન આપે છે. જૈનોને જ નહિં પરંતુ અન્ય ધર્માવલંબીઓને બોધ આપે છે. કિંમત રૂ. ૨–૮–૦. પ્રાપ્તિસ્થાન, નવજીવન કાર્યાલય–અમદાવાદ.

( ૨ ) **શ્રી મહાવીર કથા:**—સંપાદક ગોપાલદાસ જીવાભાઇ પટેલ. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ તરફથી દ્વિતીય આવૃત્તિ પ્રકાશન થયેલ છે. " શ્રી પૂંજાભાઇ જૈન ગ્રંથમાળા–૨૧ " આ પુસ્તકમાં શ્રી મહાવીર ભગવાનનું જીવનચરિત્ર કથારૂપે વર્ણવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલ છે. અનેક પ્રાચીન ગ્રંથોમાંથી મળતી જીવન-સામગ્રીને વણીને આ કથા રચવામાં આવી છે. શ્રી મહાવીર પ્રભુએ મહાન્ દૈવી વિભૂતિ–અહિંસાની અનન્ય આરાધના પોતાના જીવન દ્વારા શીખવી છે પુસ્તક વાંચનીય અને મનનીય છે. કિંમત રૂા. ૫–૦–૦ પ્રાપ્તિસ્થાન, નવજીવન કાર્યાલય–અમદાવાદ.

**(૩) તત્ત્વાર્થ સૂત્ર (ગુજરાતી વ્યાખ્યા સહિત):**—શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ–અમદાવાદ તરફથી આ તૃતીય આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. "શ્રી પૂંજાભાઇ જૈન ગ્રંથમાળા–૧૯". વિવેચક પંડિત સુખલાલજી. જૈન અભ્યાસીઓ અને મુમુક્ષો માટે ખાસ ઉપયોગી છે. કિંમત રૂા. ૪–૮–૦. પ્રાપ્તિસ્થાન, નવજીવન કાર્યાલય–અમદાવાદ.

આ ત્રણે પુસ્તકો પ્રકાશક તરફથી સભાને ભેટ મળ્યા છે, જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

**(૪) શ્રી પટ્ટાવલી સમુચ્ચય ભાગ ૨ જો.** પુરવણીકાર મુનિશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી). સંપાદક: મુનિશ્રી જ્ઞાનવિજયજી (ત્રિપુટી). શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા–૪૪. શ્રી પટ્ટાવલી સમુચ્ચયનો પ્રથમ ભાગ સત્તર વર્ષ પહેલાં પ્રગટ થયો હતો. અને આ દ્વિતીય ભાગમાં બાવીશ પટ્ટાવલીઓ અને વિસ્તૃત પાદ નોંધ આપી છે. કેટલીક પટ્ટાવલીઓમાં પ્રાચીન ગુજરાતી રાગોનો ઉપયોગ કરી સુંદર સ્તુતિઓ આપી છે. આ પટ્ટાવલી સમુચ્ચય ભારતીય ઇતિહાસ સંશોધનમાં એક સાંકળ જેવો ઉપયોગી છે. કિં. રૂા. ૧–૮–૦. પ્રાપ્તિસ્થાન, શાહ ચંદુલાલ લખુભાઇ પરીખ, ઠે:–નાગજી ભુદરની પોળ, માંડવીની પોળ–અમદાવાદ. પ્રકાશક તરફથી સભાને ભેટ મળી છે; જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

**(૫) વિવિધ પૂજા સંગ્રહ:**—પંન્યાસજી મહારાજ શ્રી ભાવવિજયજી ગણિવર્યના સદુપદેશથી પ્રકાશક–શેઠ દેવચંદજી પન્નાલાલજી–તખતગઢ (મારવાડ). શ્રી ધર્મ–ભાવ–સત્ય લાઇબ્રેરી–હાથસણી (હસ્તગિરિ) તરફથી સભાને ભેટ મળેલ છે, જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

**(૬) નવકાર પાઠાવલી:**—કર્તા પંડિત ચીમનલાલ ઝવેરી વૈદ્ય. જેમાં સામાયક સૂત્રનાં વિસ્તારથી અર્થ આપેલા છે. કિં. રૂા. ૦–૮–૦. લેખક તરફથી સભાને ભેટ મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

**(૭) શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર:** લેખક મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ, કિં. ૦–૪–૦. પ્રકાશક શ્રી આત્મકમળ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર, નં. ૬, એસ લેન દાદર, B. B.

**(૮) કર્મ ફિલોસોફી અને બીજાં પ્રવચનો:**—આચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરિજી મહારાજનાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે.

**(૯) ક્ષત્રિયકુંડ:**—લેખક મુનિ દર્શનવિજયજી (ત્રિપુટી). પ્રાપ્તિસ્થાન, શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવન, જૈન સોસાયટી–અમદાવાદ, કિં. ૧–૦–૦. શાહ મોતીલાલ મોહનલાલ અમદાવાદવાળા તરફથી સભાને ભેટ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

**(૧૦) સાચો સામ્યવાદ અને સાચા સામ્યવાદી ભગવાન મહાવીર:**—અખિલ વિશ્વ જૈન મિશન માટે ભાષાંતરકર્તા અને પ્રકાશક:–મૂલચંદ કરશનદાસ કાપડિયા, સંપાદક–જૈનમિત્ર અને દિગંબર જૈન–સૂરત તરફથી સભાને ભેટ મળી છે.

**(૧૧) શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ તથા વાણિજ્ય વિદ્યામંદિર–પાલીતાણાનો બત્રીશમો વાર્ષિક વૃત્તાંત:**—જેમાં વિગતથી સંપૂર્ણ રિપોર્ટ છે. ઉપરોક્ત ગુરુકુળમાંથી આજસુધીમાં ૧૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ પોતાનો જીવનવિકાસ સાધી જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરે છે. જૈન કોમમાં ગુરુકુળ જેવી સંસ્થાઓની વિશેષ જરૂરીયાત છે. અમો દરેક રીતે ગુરુકુળની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

(૧૨–૧૮) નીચેની પુસ્તિકાઓ શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા–ગારીઆધાર તરફથી સભાને ભેટ મળી છે. જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

**(૧) જયગિરા કિરણાવલી સચિત્ર:**—શ્રેણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પ ૨૧. રશ્મિ પહેલું–જેમાં પચ્ચીશ પાઠો આપેલા છે. શ્રી જૈન પાઠશાળાનાં વિદ્યાર્થીઓને ઉપયોગી છે. કિં. રૂા. ૧–૪–૦.

**(૨) પૂજા સંગ્રહ**:—રચયિતા પૂજ્ય મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ. જેમાં શ્રી નેમિ જિનેશ્વર પંચકલ્યાણક પૂજા તથા શ્રી નવપદજીની પૂજા છે. કિં. ૦–૧૨–૦.

**(૩) The Jain Notions of the Soul**:—અંગ્રેજી પોકેટ બુક છે. જેમાં આત્મા સંબંધી વિવેચન કરવામાં આવ્યું છે.

**(૪) પ્રાચીન અર્વાચીન ગહૂંલી સંગ્રહ**:–પુષ્પ ૨૭મું–જેમાં પ્રાચીન ૬૨ ગહૂંલીઓનો સંગ્રહ છે. કિં. ૦–૧૨–૬.

**(૫) બાળજીવન ગ્રંથાવલી**:—પ્રથમ શ્રેણી ૩–૪–જેમાં ટૂંકી ત્રણ વાર્તાઓ અને કર્મનાં ફળ.

**(૬) વિશ્વ વિભૂતિઓ**:—કિરણ પહેલું–જેમાં પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવ સ્વામાથી ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનાં ટુંકમાં ચરિત્રો છે. વિદ્યાર્થીઓ માટે ઉપયોગી છે.

**(૭) બાળજીવન ગ્રંથાવળી**:—પ્રથમ શ્રેણી ૫–૬:–પુણ્યની પળ અને આશ્ચર્યની ઘડી.

## શેઠશ્રી કાન્તિલાલ પ્રતાપશીનો સ્વર્ગવાસ.

શેઠ કાંતિલાલ પ્રતાપસી સંવત ૨૦૦૬ ના વૈશાખ શુદી ૯ ના રોજ એકાએક હૃદય બંધ પડી જવાથી મુંબઇના તેમના નિવાસસ્થાનમાં સ્વર્ગવાસ પામ્યા, તેમના જીવનનો ટૂંક પરિચય કરાવવો એ આ લેખનો ઉદ્દેશ છે.

ભાઇ કાંતિલાલ પ્રતાપસીનો જન્મ રાધનપુરમાં સંવત ૧૯૫૬ ની સાલમાં કોરડીયા કુટુંબમાં શેઠ પ્રતાપસી દીપચંદને ત્યાં થયો હતો. તેમનાં માતુશ્રી જયકોરબાઇ ઘણાં સરળ સ્વભાવી હતાં. ભાઇ કાંતિલાલના માતા પિતા તથા તેમના મોટાં બેન સમરથ બ્હેન તથા હાલમાં જૈન કોમમાં સુપ્રસિદ્ધ વેપારી અને ધર્મકાર્યમાં પરાયણ શેઠ જીવાભાઇએ બધું આખું કુટુંબ મુળથી ધર્મના સંસ્કારવાળું હોઇ ભાઇ કાંતિલાલ પણ ધર્મના સંસ્કાર પામેલા હતા. ભાઇ કાંતિલાલે રાધનપુરખાતે સામાન્ય રીતે ઇંગ્રેજી બે ધોરણ સુધીની કેળવણી પ્રાપ્ત કરી હતી અને ત્યારબાદ લગભગ ૧૫ વર્ષની ઉંમરે તેમના વડીલબંધુ શેઠ જીવાભાઇ જેઓ મુંબઇમાં વેપારી લાઇનમાં ધીમે ધીમે સારી રીતે સ્થાપિત થતા હતા તેમની સાથે મુંબઇમાં રહેવા આવ્યા. થોડો વખત સ્કુલમાં કેળવણી લઇ તેમના વડીલ બંધુની ઇચ્છા અનુસાર શેરબજારમાં કામકાજ શીખવાની શરૂઆત કરી.



શેઠશ્રી કાંતિલાલ પ્રતાપશીભાઇ

તેઓએ તેમની વ્યાપારી કારકીર્દીની શરૂઆત શેર બજારથી શરૂ કરી. આજીવન એ જ બજારમાં પોતાની ધંધાની લાઇન ચાલુ રાખી–તેમના વડીલ બધુની સાથે રહી સારી રીતે તાલીમ મેળવી છેવટે સને ૧૯૯૧ ની સાલમાં શેરબજારમાં દલાલ તરીકેનું કાર્ડ લીધું. ભાઇ કાંતિલાલની ધંધાદારી તરીકેની કારકીર્દી તેમના વડીલબંધુને સંતોષ આપનારી હતી. તેમનું ધાર્મિક જીવન ઘણું આદર્શરૂપ હતું. કેમકે તેમના વડીલબંધુ શેઠ જીવાભાઇએ જે ધાર્મિક કાર્યો કરી હજારો અને લાખો રૂપિયાનો સુવ્યય કર્યો તેમાં તેમની પણ પૂરેપૂરી સહાનુભૂતિ અને અનુમોદન હતું.

સંવત ૧૯૭૮ ની સાલમાં રાધનપુરમાં શેઠ જીવાભાઇએ એકવીસ છોડનું ઉદ્યાપન તેમના સ્વર્ગસ્થ પિતાશ્રીની છેલ્લી વખતની ઇચ્છાને માન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી કર્યું. અને લક્ષ્મીનો તેમની તે વખતની આર્થિક સ્થિતિના પ્રમાણમાં સારો વ્યય કર્યો. ત્યાર બાદ સંવત ૧૯૮૫ ની સાલમાં રાધનપુરથી શ્રી સિદ્ધગિરિનો છરી પાળતાં સંઘ કાઢયો તે વખતે સંઘના રાધનપુરથી પ્રયાણ પૂર્વે સંઘનું કાર્ય નિર્વિઘ્ને પાર પડે તે હેતુથી અઠ્ઠમ તપની આરાધના શેઠ જીવાભાઇએ કરી તેવી જ રીતે ભાઇ કાંતિલાલે પણ અઠ્ઠમ તપ આનંદપૂર્વક કર્યો હતો. સંઘમાં સંઘવી તરીકે શેઠ જીવાભાઇની સાથેસાથ ભાઇ કાંતિલાલ પણ જોડીલા સંઘવી તરીકે ઉત્સાહપૂર્ણ દેખાતા હતા અને છેવટ ગિરિરાજ ઉપર સંઘવી તરીકે માળારોપણ થઇ તેમાં પણ ભા. કાંતીલાલ તેમના વડીલ બંધુ સાથે સ્મિત વદને, જોનારને બંને ભાઇઓના જોડીના દર્શનનો અપૂર્વ આનંદ પ્રાપ્ત થતો અને બન્ને ભાઇઓના ધર્મપત્નીઓએ માળ પહેરી અખંડ આનંદના ભાગીદાર બન્યા હતાં ભાઇ કાંતિલાલ સંઘવી તરીકે માળા પહેરી, તે પવિત્ર દિવસ મહાવદ ૧૧ નો, તેમના અત્યાર સુધીના જીવન પર્યંત દર સાલ ગિરિરાજની છાયામાં આવી ઉપવાસની તપસ્યા વિગેરે ધર્મક્રિયા સાથે ઉજવવા કાળજી રાખી હતી. ભા. કાંતિલાલે તેમની નાની ઉમરથી દર મહિને અજવાળી પાંચમનો ઉપવાસ વિધિપૂર્વક ક્રિયા સાથે પૂર્ણ કર્યો અને ત્યાર પછી પણ તેમનાં સ્વર્ગવાસી પહેલી પત્નીના મરણ વખતની ઇચ્છા અનુસાર તે તપ કરવો દઢતાપૂર્વક ચાલુ રાખી જીવનની છેલ્લી શુકલ પંચમી સુધી આરાધના કરી.

ભાઇ કાંતિલાલે સંવત ૧૯૯૮ની સાલમાં અંધેરી ખાતે ઉપધાનની ક્રિયા થઇ તેમાં પોતે આનંદપૂર્વક દાખલ થઇ ઉપધાન વહન કરી સુવિહિત આચાર્યદેવના પુનિત હસ્તે માળા પહેરી જિંદગીની સફળતા કરી ઉપધાન વહન કર્યા પછી ભાઇ કાંતિલાલ બન્ને ટંક દરરોજ આવશ્યક ક્રિયા, સામાયિક, પૂજા આદિ ધર્મ કાર્યમાં ઊજમાળ રહેતા હતા. અને સદા આનંદી દેખાતા હતાં. ભાઇ કાંતિલાલમાં નાની વયથી ધર્મભાવના, ક્રિયારુચિ વિગેરે સદ્‌ગુણોએ વાસ કર્યો હતો તેથી તેમના વડીલ બંધુ શેઠ જીવાભાઇને ઘણો સંતોષ હતો.

ભાઇ કાંતિલાલના એકાએક સ્વર્ગવાસ થવાના હૃદયભેદક બનાવ બન્યો તે પહેલાં લગભગ સાત મહીનાથી શેઠ જીવાભાઇએ ગિરિરાજની શીતલ છાયામાં રહી નવાણું યાત્રા તથા નમસ્કાર મહામંત્રનો નવ લાખ જાપ શરૂ કરેલો હોઇ તેમને આ ગમખ્વાર બનાવના એકાએક ખબર મળતાં જબ્બર આઘાત થયો અને ઘડીભર બેભાન અવસ્થાને પણ પામ્યા, પણ ધીમે ધીમે શુદ્ધિમાં આવતાં સંસારની અસારતા, જીવિતના ચંચલપણા વિગેરેનું ભાન થયું. કુટુંબના વડીલ તરીકે કુટુંબના નાના અને મોટાઓને ધીરજને પંથે વાળવા અને કર્મબંધન નહી થાય તેવી અપૂર્વ હીંમત દાખવી તે એક ધર્મપ્રેમી જનો માટે દષ્ટાંતરૂપ છે.

ભાઇ કાંતિલાલનો સદા આનંદી સ્વભાવ તેમજ નિખાલસતા નહી ભુલાય તેવા ગુણો હતાં. તેઓ તેમની પાછળ એક વિધવા, બે પુત્રો તથા બે પુત્રીઓ મૂકી ગયા છે.

શાસનદેવ તેમના આત્માને ચિર શાંતિ પમાડો.

**નોટ:**—શેઠશ્રી જીવતલાલભાઇ પ્રતાપશીએ ઉપરોક્ત પોતાના સ્વર્ગવાસી પ્રિય બંધુ શ્રી કાન્તિલાલભાઇનાં સ્મરણાર્થે ( પૂણ્યાર્થે ) રૂા. એક લાખ કાન્તિલાલભાઇના ધર્મપત્નીની ઇચ્છા પ્રમાણે ધાર્મિક કાર્યોમાં વાપરવા જાહેર કર્યું છે.

## ખેદજનક અવસાન.

ભાવનગરનિવાસી શાહ પ્રેમચંદ ત્રિભુવનદાસ કે જેઓ ઘણાં વર્ષોથી આ સભાના લાઇફ મેમ્બર હતા, તેમનું હાર્ટફેલથી જેઠ સુદી ૧ ના રોજ ખેદજનક અવસાન થયું છે. ઘણાં વર્ષો સુધી તેઓ આ સભાનાં સ્વર્ગસ્થ સેક્રેટરી શેઠ હરજીવનદાસ દીપચંદની પેઢીમાં ભાગીદાર હતા. તેઓ મીલનસાર સ્વભાવનાં અને ધર્મશ્રદ્ધાળુ હતા. સદ્‌ગતના આત્માને પરમ શાંતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર નિવેદન.

જૈન સંસ્કૃતિ અને સિદ્ધાંતના પ્રચાર માટે રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલભાઇ પ્રતાપશી તથા સ્વર્ગસ્થ શેઠ શ્રી શાંતિલાલ ખેતશીભાઈ ચેરીટી ટ્રસ્ટ ફંડના નામે શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર તરફથી શ્રી જૈન સસ્તું સાહિત્ય પ્રકાશનનું કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

આ યોજનાને અંગે પહેલો નિબંધ જૈન ધર્મનો "અનેકાન્તવાદ" વિષયક માગવામાં આવેલ જેમાં ઘણા વિદ્વાનોએ નિબંધ લખવાનો લાભ લીધો હતો. હવે નીચેનો નિબંધ જૈન તથા જૈનેતર વિદ્વાનો પાસેથી માગવા અમો રજા લઇએ છીએ.

## નિયમો

૧. નિબંધનો વિષય "**શ્રીનમસ્કાર મહામંત્ર**" રાખવામાં આવેલ છે.

જૈન દર્શનની આ મહામંત્રમાં શું શું વિશિષ્ટતાઓ રહેલી છે અને ઇતર મંત્રસૂત્રો તથા ઇતર દર્શનસાહિત્યની દૃષ્ટિએ નમસ્કાર મંત્રનું સ્થાન ક્યાં છે? તે વસ્તુ સુંદર શૈલિએ લોકભોગ્ય ભાષામાં આ નિબંધમાં રજુ કરવાની રહે છે.

૨. નિબંધ ફુલસ્કેપ કાગળની એક બાજુ ઉપર સાહીથી પચાસથી સાઠ પાનાં ગુજરાતી, અંગ્રેજી કે હિન્દી કોઇપણ એક ભાષામાં લખવો.

૩. પરીક્ષક કમીટી જેમનો નિબંધ માન્ય રાખશે તેમને રૂા. ૧૦૦૦) અંકે એક હજાર રૂપીઆ પુરસ્કાર આપવામાં આવશે.

જો પૂજ્ય મુનિ મહારાજનો નિબંધ પસંદ થશે તો તેઓશ્રી જણાવશે એ રીતે ઉપરની રકમ મુનિમહારાજની સૂચના થાય ત્યાં તે ખાતે વાપરવામાં આવશે.

૪. વિદેશીય વિદ્વાનો માટે પણ ખાસ ઈનામી યોજના કરવામાં આવેલ છે. એટલે જે વિદેશીય વિદ્વાનનો નિબંધ પ્રથમ કક્ષાએ આવશે તેમને પ્રોત્સાહન અર્થે રૂા. એક હજાર એકનું વધુ ઇનામ રાવબહાદુર શેઠશ્રી જીવતલાલભાઈ પ્રતાપશી તરફથી આપવામાં આવશે.

૫. પ્રથમ નંબર ઉપરાંતના જે જે નિબંધો આવેલ હશે તે દરેકને યોગ્ય પારિતોષિક પણ આપવામાં આવશે.

૬. કોઈ પણ જૈન કે જૈનેતર વિદ્વાન આ નિબંધ લખી શકશે.

૭. તારીખ ૨૭મી ઓગસ્ટ ૧૯૫૦ ( ૨૦૦૬ના શ્રાવણ શુદ ૧૫ રવિવાર ) પહેલા નીચેના સરનામે પોતાનો નિબંધ મોકલી આપવાનો રહેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮. જે નિબંધ માન્ય રાખવામાં આવશે તે નિબંધના પ્રકાશન( કોઈપણ ભાષામાં )નો સર્વ હક્ક શ્રી જૈન આત્માનંદ સભાને રહેશે, તેમજ તેમાં લેખકને સૂચવીને સુધારોવધારો કરવાનો હક્ક પણ ઉપરોક્ત સભાને રહેશે. આવેલ નિબંધો પાછા આપવામાં આવશે નહીં.

**પૂજ્ય મુનિમહારાજોને:—**

ઉપરોક્ત નિબંધને અંગે પૂજ્ય મુનિમહારાજોને અમારી નમ્ર વિનંતી છે કે "શ્રી નમસ્કાર મહામંત્ર" ઉપર એક સર્વદેશીય ગ્રંથ તૈયાર કરી પ્રગટ કરવાની ભાવના હોવાથી અમો આપનો ખાસ સહકાર માગીએ છીએ અને અમારી ખાસ વિનંતી છે કે ઈનામી હરીફાઇની દૃષ્ટિએ નહીં પરન્તુ નમસ્કાર મહામંત્ર ઉપર વધુ પ્રકાશ મળે, અને ઊંડું માર્ગદર્શન મળે એ દૃષ્ટિએ પણ આપ આપનો નિબંધ જરૂર મોકલી અમોને આભારી કરશોજી.

લેખક પોતાને યોગ્ય લાગે એ રીતે પોતાનો નિબંધ લખી શકે છે એમ છતાં માર્ગદર્શનની દૃષ્ટિએ નિબંધ લખવામાં ઉપયોગી થાય તે ખાતર તેના પેટા વિષયો નીચે રજુ કરવા રજા લઇએ છીએ.

૧. મંત્ર શાસ્ત્રની દૃષ્ટિએ, ૨. યોગશાસ્ત્રની દૃષ્ટિએ. ૩ આગમ સાહિત્યની દૃષ્ટિએ, ૪. કર્મ સાહિત્યની દૃષ્ટિએ. ૫. ઐહિક દૃષ્ટિએ ૬. પરલોકની દૃષ્ટિએ. ૭. દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ. ૮, ચરણકરણાનુયોગની દૃષ્ટિએ. ૯. ગણિતાનુયોગની દૃષ્ટિએ ૧૦ ધર્મકથાનુયોગની દૃષ્ટિએ ૧૧. ચતુર્વિધ સંઘની દૃષ્ટિએ. ૧૨. ચરાચર વિશ્વનં દૃષ્ટિએ ૧૩. વ્યક્તિગત ઉન્નતિની દૃષ્ટિએ. ૧૪, સમષ્ટિગત ઉન્નતિની દૃષ્ટિએ. ૧૫ અનિષ્ટ નિવારણની દૃષ્ટિએ ૧૬. ઇષ્ટસિદ્ધિની દૃષ્ટિએ. ૧૭. સ્વાનુભવની દૃષ્ટિએ ૧૮. પ્રણવ મહામંત્રની દૃષ્ટિએ.

ઉપરના બધા વિષયો અગર કોઈપણ એક અથવા અધિક પેટા વિષયની ચુંટણી કરી શકાશે.

નિબંધ લખનારને આ વિષય ઉપર વધુ માહિતી જોઇતી હોય તો તે નીચેનાં ગ્રંથો જોવાથી મળી શકશે. (૧) નમસ્કાર નિર્યુક્તિ (૨) વિશેષાવશ્યક ભાષ્ય. (૩) રાજેન્દ્રકોષ. (૪) નમસ્કાર માહાત્મ્ય (સિદ્ધસેનસૂરિકૃત) (૫) નમસ્કાર માહાત્મ્ય (સાગરાનંદસૂરિ સંપાદિત). ૬ નમસ્કાર મહામંત્ર (ભદ્રંકરવિજય). નિબંધ લખનારને આ પુસ્તક સોમચંદ ડી શાહ. પાલીતાણાથી મફત મળશે. (૭) યોગશાસ્ત્ર. (આઠમો પ્રકાશ). (૮) નમોક્કાર કરેમિ ભંતે (પં. પ્રભુદાસ). (૯) પંચપરમેષ્ઠી ગીતા. (ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા. ૧ લો.) (૧૦) ભૈરવ પદ્માવતી કલ્પ પ્રસ્તાવના. (મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.)

પૂજ્ય મુનિ મહારાજો, જૈન જૈનેતર વિદ્વાનોને ઉપરોક્ત નિબંધ સત્વેળા મોકલી આપવા અમારૂં સપ્રેમ આમંત્રણ છે.

ઠેકાણું:—
શ્રી જૈન આત્માનંદ ભુવન
ભાવનગર
તા. ૨૫-૫-૧૯૫૦

સેક્રેટરીઓ.
**શ્રી જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન કમીટી**
**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

આનંદ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુંદર સચિત્ર રૂા. ૪૫) ની કિંમતના શ્રી વસુદેવહિંડી વગેરે ગ્રંથો શુમારે છશેંહ માનનીય સભાસદો ( પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને રૂા. સતાવીશ હજારના ગ્રંથો ભેટ આપવામાં આવ્યા છે અનેઃ—

આ વર્ષે ( સં. ૨૦૦૬ ની સાલમાં ) ગયા "આત્માનંદ પ્રકાશ" અંકમાં જણાવ્યા પ્રમાણે શ્રી દમયંતી ચરિત્ર ( સચિત્ર ) વગેરે ચાર ગ્રંથો કિંમત રૂા. ૧૩-૮-૦ તેટલા જ સભાસદોને રૂા. ૮૧૦૦)ના ગ્રંથો હાલમાં ભેટ મોકલવામાં આવ્યા છે તેમજઃ—

આવતા વર્ષે ( સં. ૨૦૦૭ ની સાલમાં ) **શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર** સુંદર ગ્રંથ જેની કિંમત સુમારે સાત રૂપીયા થશે. સાથે શ્રી જૈનકથારત્ન કોષ ( સમ્યક્ત્વનું સુંદર સ્વરૂપ તેના ગુણો, લાગતા દોષો તેના ઉપર વિવિધ દરેક ગુણો ઉપર એક એક વિસ્તારપૂર્વક સુંદર કથાઓ તેનો પ્રથમ ભાગ જે એક ગ્રંથની કિંમત પણ સુમારે છ રૂપીયા થશે બંને ગ્રંથો મળી સુમારે રૂા. ૧૩) બે ગ્રંથો છપાય છે, તે અમારા સભાસદોને અને નવા થનારા લાઇફ મેમ્બરોને ભેટ આપવાના છે વળીઃ—

---

## યોજનામાં.

સં. ૨૦૦૮ ની સાલમાં શ્રી સોમપ્રભાચાર્યકૃત **શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર** સચિત્ર ગ્રંથ ચારસેંહ ઉપર પાના થશે, જેની કિંમત રૂા. અગીયાર કિંમત થશે, તે સાથે શ્રી કથારત્ન કોષ ગ્રંથ બીજો ભાગ જેની કિંમત છ રૂપીયા સુમારે થશે. તે બંને ગ્રંથો રૂા. ૧૭) ની કિંમતના થશે જે અમારા લાઇફ મેમ્બરો અને નવા થનાર લાઇફ મેમ્બરોને ભેટ આપવાનો નિર્ણય થઇ ગયો છે. ( સાથે ગુરૂ કૃપાથી કદાચ આર્થિક સહાય સભાને કોઇ નવા ગ્રંથ માટે મળી જાય અને દરમ્યાનમાં તે પણ છપાઇ જાય તો થયેલા અને નવા થનાર લાઇફ મેમ્બરોને તેનો પણ ભેટનો લાભ વિશેષ મળી જાય. જેથી સ્થિતિસંપન્ન બ્હેનો તથા બંધુઓએ આ સભામાં નવા લાઇફ મેમ્બર થઇ લાભ લેવા ચુકવા જેવું નથી

આવો ભેટના ગ્રંથનો લાભ બીજી કોઇ સંસ્થાએ આપ્યો નથી, અને આપી શકતી નથી.

---

# શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

## પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી, જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, તેજ ગ્રંથ આ સાલ( હાલમાં ) નવા લાઇફ મેમ્બર થવાની ઇચ્છાવાળા જૈન બંધુઓ અને બ્હેનો ( ગઇ સાલમાં જ ) ભેટ અપાયેલ આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, એ ધારાધોરણ પ્રમાણે અને સામાન્ય રીતે પણ આગલા વર્ષોની ભેટ અપાઇ શકે નહિં; કારણ કે જ્ઞાનખાતાનો દોષ આપનાર લેનારને પણ લાગે તેમ છે; પરંતુ નવા થનાર લાઇફ મેમ્બરોની ગ્રંથની પ્રશંસા જાણીને-વાંચવા આત્મકલ્યાણ સાધવા ઘણા પત્રો અમારા ઉપર આવેલ હોવાથી તમન્ના જોવાઇ છે, જેથી સભા એવા ઠરાવ પર આવી છે, કે હવે **પછી નવા થનારા લાઇફ મેમ્બર બંધુઓને ખાસ આ ચરિત્ર વાંચવા માટે લેવાની જરૂર જ હોય તો સિલિકમાં હશે ત્યાં સુધીમાં રૂા. ૧૦૧) લાઇફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તો આ સાલના ભેટ આપવાના ચાર ગ્રંથો સાથે તે પણ મોકલી આપવામાં આવશે. બીજા વર્ગના નવા થનારા લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે મળી શકશે.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સુચના.

બીજા અશાડ માસથી ભેટની બુકોનું લવાજમ અને પોસ્ટ ખર્ચ સાથેનું વી૦પી૦ કરવામાં આવશે.

આપને પુસ્તક ૪૮મા ( સં. ૨૦૦૬ ના શ્રાવણથી સં. ૨૦૦૭ ના અશાડ માસ એક વર્ષ )ની ભેટની બુક **શ્રી આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ ૨ જો** ( કિંમત બે રૂપીયાની ) આપવાનો નિર્ણય થયેલ છે, લવાજમ જેમનું આવેલ હશે તેમને પોસ્ટેજ પુરતા વી. પી.થી ભેટ મોકલીશું. આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને અત્યાર સુધી ભેટ આપેલા સુંદર ગ્રંથોની નામાવલી આ ગ્રંથની પાછળના ભાગમાં આપેલ છે, જેથી નવા ગ્રાહકો થનારને માસિક સાથે કેવા સુંદર ગ્રંથો દરવર્ષે ભેટ અપાય છે તે જાણી અન્ય જૈન બંધુઓને ગ્રાહક થવા સુચના કરીએ છીએ.

**આવતા ભાદરવા શુદ ૫ સુધીમાં નવા થનારાં ( ૧ ) લાઇફ મેમ્બરોને આ વર્ષની ભેટની બુકો શ્રી દમયંતી ચરિત્ર વગેરે ચાર ગ્રંથો રૂા. ૧૩-૮-૦ ની કિંમતના ભેટ આપવામાં આવશે. બીજા વર્ગમાં દાખલ થનારને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે.**

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

### શ્રી માણિકયદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેનો શુદ્ધ અને સરલ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભકિત, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ રાખી અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્દભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇન્ડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

16 JUN 50 7 - A.M. VIRAMGAM

## ૨ જ્ઞાનપ્રદીપ ભાગ બીજો.

### લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વજન સમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠનપાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેવી રીતે, સાચી સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચકભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. સાતમા વર્ષ ઉપર આ ગ્રંથના પ્રથમ ભાગનું ( એક હજાર કોપીનું ) પ્રકાશન થતાં જૈન જૈનેતર મનુષ્યોને ઉદારતાપૂર્વક એકેએક કોપી ભેટ આપવામાં આવેલી હતી, તેની જ ફરી વખત એટલી બધી પ્રશંસા સાથે માંગણી થતાં તેની બીજી આવૃત્તિ ( એક હજાર કોપી )નુ પ્રકાશન કરવામાં આવેલ તેનો પણ ઉપરોક્ત રીતે સદુપયોગ કરવામાં આવેલ હતો. આ બીજા ભાગમાં પણ તેજ વિદ્વાન આચાર્ય મહારાજની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે, તેની કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે. ( બાઇન્ડીંગ થાય છે. )

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only